" બુધવારની સાપ્તાહિક પૂર્તિ "
ઉત્સવ
# સંજોગ ન્યૂઝ
SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year-09 | Issue-223 | AD-2026, Jeth Sud -04 | Wednesday, Dt. 20-05-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

નિયમિત ચૂંટણીઓ અને જનતા દ્વારા સરકાર બદલવાનો અધિકાર છે, જે ભારતમાં ખૂબ જ મુક્ત રીતે થાય છે

## ૫૦૦૦ વર્ષ જુની મહાન સભ્યતા ધરાવતો અમારો દેશ : વિદેશી મીડિયાને ભારતનો જવાબ

નવી દિલ્હી,તા.૧૯

તાજેતરમાં ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી નોર્વેની સત્તાવાર મુલાકાતે ગયા છે, જ્યાં તેમણે નોર્વેના વડા પ્રધાન સાથે સંયુક્ત નિવેદન જાહેર કર્યું હતું. આ મુલાકાત દરમિયાન યોજાયેલી એક પ્રેસ કોન્ફરન્સમાં પશ્ચિમી મીડિયાની તીક્ષ્ણતા જોવા મળી હતી. એક નોર્વેજીયન મહિલા પત્રકારે ભારતમાં માનવ અધિકારો, પ્રેસ સ્વતંત્રતા અને વડા પ્રધાન દ્વારા મીડિયાના પ્રશ્નોના સામનો કરવા અંગે ખૂબ જ આકરા સવાલો પૂછ્યા. આ સવાલોનો વિદેશ મંત્રાલયના પશ્ચિમી બાબતોના સચિવ સિબી જ્યોર્જે અત્યંત મજબૂત, તાર્કિક અને કડક શબ્દોમાં વળતો જવાબ આપી ભારતનો પક્ષ વૈશ્વિક સ્તરે સ્પષ્ટ કર્યો હતો.

મહિલા પત્રકારે પ્રશ્ન કર્યો હતો કે દુનિયાએ ભારત પર કેમ વિશ્વાસ કરવો જોઈએ? આના જવાબમાં સિબી જ્યોર્જે જણાવ્યું કે ભારત માત્ર ભૌગોલિક સરહદો ધરાવતો એક દેશ નથી, પરંતુ તે ૫,૦૦૦ વર્ષ જૂની મહાન સભ્યતા છે. વસ્તી, મજબૂત સરકાર, સાર્વભૌમત્વ અને પ્રદેશની દ્રષ્ટિએ ભારત વૈશ્વિક સ્તરે ગૌરવશાળી સ્થાન ધરાવે છે. વૈશ્વિક કટોકટીના સમયે ભારતના યોગદાનને રેખાંકિત કરતા તેમણે કહ્યું કે, કોવિડ-૧૯ રોગચાળા દરમિયાન ભારત ક્યારેય અલગ પડીને સ્વાર્થી નથી બન્યું, પરંતુ મુશ્કેલીના સમયમાં હંમેશા વિશ્વના જરૂરિયાતમંદ લોકોની વહારે ઊભું રહ્યું છે. આ જ માનવીય અભિગમને કારણે આજે સમગ્ર વિશ્વ ભારત પર અતૂટ વિશ્વાસ મૂકે છે.



માનવ અધિકારોના મુદ્દે પશ્ચિમી જગતને આયનો બતાવતા સિબી જ્યોર્જે ભારતીય બંધારણની તાકાત વિશે વાત કરી. તેમણે સ્પષ્ટ કર્યું કે આપણું બંધારણ પ્રત્યેક નાગરિકને મૂળભૂત અધિકારોની ગેરંટી આપે છે. ભારતમાં મહિલા સશક્તિકરણનો ઈતિહાસ ખૂબ ઉજળો છે. ૧૯૪૭માં આઝાદી મળતાની સાથે જ ભારતે મહિલાઓને મતદાનનો સમાન અધિકાર આપ્યો હતો, જે ઘણા પશ્ચિમી દેશોએ ખૂબ મોડો આપ્યો હતો. લોકશાહીમાં માનવ અધિકારનું સૌથી મોટું ઉદાહરણ નિયમિત ચૂંટણીઓ અને જનતા દ્વારા સરકાર બદલવાનો અધિકાર છે, જે ભારતમાં ખૂબ જ મુક્ત રીતે થાય છે. ભારતમાં સંપૂર્ણપણે કાયદાનું શાસન છે અને તે તમામ આંતરરાષ્ટ્રીય ધોરણોનું પાલન કરે છે.

ભારતની વિશાળતાનો પરિચય આપતા તેમણે જણાવ્યું કે, 'આપણી પાસે વિશ્વની કુલ વસ્તીનો છઠ્ઠો ભાગ છે, પરંતુ વિશ્વની સમસ્યાઓનો છઠ્ઠો ભાગ નથી.' ગણિતની દુનિયાને બદલનાર 'શૂન્ય' (૦), ચેસની રમત અને વૈશ્વિક સ્તરે સ્વીકૃત બનેલું 'યોગ' એ ભારતની જ દેન છે. આ ઉપરાંત, ૨૦૨૩માં ભારતના જી૨૦ (G20) પ્રમુખપદનો ઉલ્લેખ કરીને તેમણે જણાવ્યું કે નવી દિલ્હીએ વિભાજિત દેશોને એક મંચ પર લાવીને સર્વસંમત ઘોષણાપત્ર જાહેર કરવામાં અદભુત સફળતા મેળવી હતી. પ્રેસ સ્વતંત્રતા અને પીએમ મોદીના પ્રશ્નો ન લેવાના આક્ષેપ પર પ્રહાર કરતા જ્યોર્જે જણાવ્યું કે પશ્ચિમી જગતના કેટલાક લોકો ભારતીય મીડિયાના વિરાટ કદને સમજી શકતા નથી. માત્ર રાજધાની દિલ્હીમાં જ વિવિધ ભાષાઓમાં સેંકડો ન્યૂઝ ચેનલો કાર્યરત છે. કમનસીબે, કેટલાક પત્રકારો જમીની હકીકત જાણવાને બદલે અમુક પક્ષપાતી એનજીઓ (NGO) ના અહેવાલોના આધારે ભારત પર સવાલ ઉઠાવે છે, જે તેમની અજ્ઞાનતા દર્શાવે છે. વડા પ્રધાનના પ્રશ્નો અંગે તેમણે સ્પષ્ટ કર્યું કે રાજદ્વારી મુલાકાતો દરમિયાન મીડિયાને સત્તાવાર માહિતી આપવાની જવાબદારી વિદેશ મંત્રાલયની છે, અને તેઓ તે જવાબદારી ખૂબ જ નિષ્ઠાપૂર્વક નિભાવી રહ્યા છે.

## કેન્દ્ર સરકારે ફરી એકવાર ઈંધણમાં ભાવ વધારો ઝીંક્યો : પેટ્રોલ-ડીઝલમાં ૯૦ પૈસા વધ્યા

નવી દિલ્હી,તા.૧૯




આજના સમયમાં સવારે ઉઠતાની સાથે જ જો કોઈ સમાચાર મિડલ ક્લાસ પરિવારનું આખું બજેટ હલાવી નાખતા હોય, તો તે ઈંધણના ભાવવધારાના છે. જો તમે એવું વિચારતા હોવ કે ગત શુક્રવારે થયેલો ભાવવધારો છેલ્લો હતો, તો તમે તદ્દન ખોટા છો. સરકારે માત્ર પાંચ જ દિવસમાં સામાન્ય જનતાને બીજો મોટો આંચકો આપતા ફરી એકવાર પેટ્રોલ અને ડીઝલના ભાવમાં તોતિંગ વધારો ઝીંકી દીધો છે. પશ્ચિમ એશિયામાં સતત ચાલી રહેલા તણાવ અને વૈશ્વિક બજારની ઉથલપાથલની સીધી નકારાત્મક અસર હવે સામાન્ય ભારતીય નાગરિકના ખિસ્સા પર સ્પષ્ટપણે દેખાવા લાગી છે. સરકારી ઓઈલ કંપનીઓએ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં આશરે ૯૦ પૈસા સુધીનો વધારો કર્યો છે. હજુ ગત શુક્રવારે જ દેશભરમાં લિટર દીઠ ૩ રૂપિયાનો મોટો વધારો ઝીંકાયો હતો. આ સતત બીજા વધારા બાદ દેશના મુખ્ય મેટ્રો શહેરોમાં ઈંધણની કિંમતો નવી સપાટીએ પહોંચી ગઈ છે. આ વખતે સૌથી મોટો ઝટકો કોલકાતાને લાગ્યો છે, જ્યાં પેટ્રોલના ભાવમાં ૯૬ પૈસાનો વધારો નોંધાયો છે. રાજધાની દિલ્હીમાં પણ પેટ્રોલ ૯૮.૬૪ રૂપિયા અને ડીઝલ ૯૧.૫૮ રૂપિયા પ્રતિ લિટર પર પહોંચી ગયું છે. આ ઉપરાંત ગત શુક્રવારે દિલ્હીમાં CNGના ભાવમાં પણ ૨ રૂપિયા પ્રતિ કિલોનો વધારો કરવામાં આવ્યો હતો, જેના કારણે જુદા જુદા શહેરોમાં CNGનો ભાવ ૮૭ રૂપિયાની આસપાસ પહોંચી ગયો છે. ટ્રાન્સપોર્ટ અને ટ્રેડિંગ ક્ષેત્રના નિષ્ણાતો માને છે કે આ ભાવવધારાની સીધી અસર ટૂંક સમયમાં જ શાકભાજી, દૂધ અને કરિયાણા જેવી જીવનજરૂરી ચીજવસ્તુઓ પર જોવા મળશે, જેનાથી મોંઘવારી બેકાબૂ બનશે.

## લોકોને રખડતા શ્વાનની સામે જીવ બચાવવા માટે લાચાર છોડી શકાય નહી : સુપ્રીમ

**કૂતરાઓને તાત્કાલિક હટાવી શેલ્ટર હોમમાં મોકલવાનો આદેશ**

નવી દિલ્હી,તા.૧૯



દેશભરમાં રખડતા કૂતરાઓ દ્વારા માસૂમ બાળકો, વૃધ્ધો અને વિદેશી પ્રવાસીઓ પર થઈ રહેલા જીવલેણ હુમલાની ઘટનાઓ પર સુપ્રીમ કોર્ટે આજે એક અત્યંત કડક અને મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. ચીફ જસ્ટિસ સૂર્ય કાંતની આગેવાની હેઠળની બેન્ચે દેશની આ ગંભીર અને કડવી વાસ્તવિકતા સામે આંખો બંધ કરવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો છે. કોર્ટે નવેમ્બર ૨૦૨૫ના પોતાના જૂના આદેશમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર કરવાની ના પાડી દીધી છે, જે અંતર્ગત સ્કૂલ, કોલેજ, હોસ્પિટલ, બસ સ્ટેશન અને રેલવે સ્ટેશન જેવા તમામ જાહેર સ્થળો પરથી રખડતા કૂતરાઓને તાત્કાલિક હટાવીને શેલ્ટર હોમમાં મોકલવાનો કડક આદેશ આપવામાં આવ્યો હતો.

અદાલતે સરકાર અને વહીવટી તંત્રની નબળી કામગીરી સામે ભારે નારાજગી વ્યક્ત કરતા જણાવ્યું કે રખડતા શ્વાનનો ત્રાસ હવે પબ્લિક સેફ્ટી માટે મોટો પડકાર બની ગયો છે અને ગ્રાઉન્ડ લેવલ પર સ્થિતિ એટલી હદે વણસી ગઈ છે કે જાણે જંગલરાજ ચાલી રહ્યું હોય. કૂતરાઓનો ભય હવે સામાન્ય શેરીઓથી લઈને એરપોર્ટ અને હાઈપ્રોફાઈલ રેસિડેન્શિયલ વિસ્તારો સુધી પહોંચી ગયો છે. કોર્ટે તીખી ટિપ્પણી કરતા કહ્યું કે કાયદાકીય તંત્ર હોવા છતાં સરકારો માત્ર મૂકપ્રેક્ષક બનીને તમાશો જોઈ શકે નહીં અને સમાજના નબળા તેમજ માસૂમ લોકોને આ રીતે રખડતા શ્વાનની સામે પોતાનો જીવ બચાવવા માટે લાચાર છોડી શકાય નહીં.

**સમુદ્રમાં ભારતીય નૌકાદળની તાકાત વધારવા**

## અત્યાધુનિક સબમરીન ખરીદવાના સોદાને મંજુરી આપવા કેન્દ્ર સરકારની તૈયારી

નવી દિલ્હી તા.૧૯

કેન્દ્ર સરકાર સમુદ્રમાં ભારતીય નૌકાદળની તાકાત વધારવા માટે સૌથી મોટી સંરક્ષણ ડીલને અંતિમ રૂપ આપવાની તૈયારી કરી રહી છે. એક અહેવાલ મુજબ, સરકાર પ્રોજેક્ટ-૭૫ ઈન્ડિયા હેઠળ ૬ અત્યાધુનિક સબમરીન ખરીદવાના સોદાને આગામી સપ્ટેમ્બર મહિનામાં મંજૂરી આપી શકે છે, જેની અંદાજિત કિંમત લગભગ ૭૦,૦૦૦ કરોડ રૂપિયા છે. આ મંજૂરી આપતાં પહેલાં ચાલુ મહિનાના અંતમાં આંતર-મંત્રાલય જૂથની એક મહત્વની બેઠક યોજાશે, જેમાં સબમરીન ખરીદીની સમગ્ર પ્રક્રિયાને આખરી ઓપ આપવામાં આવે તેવી પૂરેપૂરી સંભાવના છે.આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટમાં મુંબઈની મઝગાંવ ડૉકયાર્ડ શિપબિલ્ડર્સ લિમિટેડ વ્યૂહાત્મક ભાગીદાર તરીકે જોડાશે. આ ભારતીય કંપની જર્મનીની થિસેનક્રુપ મરીન સિસ્ટમ્સ સાથે મળીને સંયુક્ત રીતે સબમરીન તૈયાર કરશે. આ કરાર મુજબ જર્મની ભારતને સબમરીનની ખાસ ડિઝાઈન અને આધુનિક ટેક્નોલોજી પણ આપશે, જેથી આત્મનિર્ભર ભારત અભિયાન હેઠળ તેનું નિર્માણ સ્થાનિક સ્તરે જ કરી શકાય. સંરક્ષણ સમજૂતી પર હસ્તાક્ષર થયાના સાત વર્ષ પછી ભારતીય નૌકાદળને પ્રથમ સબમરીન મળશે અને ત્યારપછી દર વર્ષે એક નવી સબમરીન નૌકાદળના કાફલામાં સામેલ કરવામાં આવશે.તમામ નવી સબમરીન એર ઈન્ડિપેન્ડન્ટ પ્રોપલ્શન (AIP) ટેક્નોલોજીથી સજ્જ હશે. આ ટેક્નોલોજીની મુખ્ય ખાસિયત એ છે કે તેનાથી સબમરીન લાંબા સમય સુધી પાણીની અંદર રહી શકે છે.




## જસ્ટિસ શર્મા વિરૂધ્ધ અપમાનજનક ટિપ્પણી મામલે 'આપ' નેતાઓને હાઈકોર્ટની નોટિસ

નવી દિલ્હી,તા.૧૯

દિલ્હી હાઈકોર્ટે જસ્ટિસ સ્વર્ણકાંત શર્મા વિરુધ્ધ સોશિયલ મીડિયા પર અપમાનજનક ટિપ્પણીઓ કરવા બદલ અરવિંદ કેજરીવાલ, મનીષ સિસોદિયા અને અન્ય આમ આદમી પાર્ટી (AAP) ના નેતાઓને ફોજદારી અવમાનનાની નોટિસ ફટકારી છે. જસ્ટિસ નવીન ચાવલા અને રવિન્દર દુડેજાની બેન્ચે આ નેતાઓ પાસે ચાર અઠવાડિયામાં જવાબ માંગ્યો છે અને આગામી સુનાવણી ૪ ઓગસ્ટના રોજ નક્કી કરી છે. લિકર પોલિસી કેસ દરમિયાન કાનૂની ઉપાયો અજમાવવાને બદલે જસ્ટિસ શર્મા વિરુધ્ધ રાજકીય જોડાણના આક્ષેપો સાથે એડિટેડ વીડિયો પોસ્ટ કરીને સોશિયલ મીડિયા પર ઈરાદાપૂર્વક બદનક્ષીભર્યું અભિયાન ચલાવવામાં આવ્યું હતું, જેના પર કોર્ટે આ કડક સુઓ મોટો કાર્યવાહી કરી છે.










# સાવરકુંડલા તાલુકામાં રૂ. ૨.૬૫ કરોડના વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત

સાવરકુંડલા, તા.૧૯



સાવરકુંડલા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના હસ્તે રૂપિયા ૨.૬૫ કરોડના વિવિધ વિકાસ કાર્યોના ખાતમુહૂર્ત તથા લોકાર્પણ કાર્યક્રમો યોજાયા હતા. આ અંતર્ગત દેતડ ગામે રૂપિયા ૨૫ લાખના ખર્ચે નિર્માણ પામેલી નવી ગ્રામ પંચાયત (ગ્રામ સચિવાલય) કચેરીનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું, જેનાથી નાગરિકોને સુવ્યવસ્થિત વહીવટી સેવાઓ મળશે. આ ઉપરાંત, ખોડીયાણા ગામે રૂપિયા ૧.૨૦ કરોડના ખર્ચે બનનાર ખોડીયાણા-બગોયા નોન-પ્લાન રોડ (સીસી રોડ તેમજ નાળા) ના કામનું ખાતમુહૂર્ત કરાયું હતું, જે સ્થાનિકોની અવરજવર અને વરસાદી પાણીના નિકાલની સમસ્યા હલ કરશે. તેમજ ધજડી ગામના બોઘરયાણી વિસ્તારમાં રૂપિયા ૧.૨૦ કરોડના ખર્ચે બનેલા માઈનોર બ્રિજ, પ્રોટેક્શન વોલ અને સીસી રોડના કામોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

# લાઠીના રાભડામાં રૂ. ૩૪.૫૧ લાખના ખર્ચે તળાવના રીસ્ટોરેશનનું ખાતમુહૂર્ત

લાઠી, તા.૧૯



લાઠી તાલુકાના રાભડા ગામે ખેડૂતો માટે આનંદના સમાચાર સામે આવ્યા છે. ગામના તળાવ રીસ્ટોરેશન કાર્યનું ખાતમુહૂર્ત સ્થાનિક ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના હસ્તે વિધિવત રીતે કરવામાં આવ્યું હતું. રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને વધુ સારી સિંચાઈ સુવિધા ઉપલબ્ધ થાય અને પાણીની સંગ્રહ ક્ષમતા વધે તે હેતુસર રૂ. ૩૪.૫૧ લાખના ખર્ચે આ મહત્વપૂર્ણ કામગીરી હાથ ધરવામાં આવી છે. આ પ્રસંગે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર ખેડૂતોના હિતને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી રહી છે. આ તળાવના રીસ્ટોરેશનથી આજુબાજુના ખેડૂતોને સિંચાઈ માટે પૂરતું પાણી ઉપલબ્ધ બનશે, જેના પરિણામે કૃષિ ઉત્પાદન વધશે અને ભૂગર્ભ જળસ્તર પણ ઊંચા આવશે.


# સાવરકુંડલા-મહુવા રોડ પર રેલ્વે ઓવરબ્રીજની કામગીરી શરૂ કરાઈ

સાવરકુંડલા,તા.૧૯

સાવરકુંડલા-મહુવા રોડ પર આવેલી રેલ્વે ફાટક ઉપર ઓવરબ્રીજની કામગીરી હાથ ધરવામાં આવનાર હોવાથી વાહન વ્યવહાર માટે રૂટ ડાયવર્ટ કરવામાં આવ્યા છે. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા આ અંગેનું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે, જે તા. ૨૧.૦૭.૨૦૨૬ સુધી અમલી રહેશે. જાહેરનામા અનુસાર, અમરેલી હાઈવેથી સાવરકુંડલા શહેર થઈને મહુવા-રાજુલા તરફ આવતા-જતા તમામ ભારે અને મોટા વાહનોએ સાવરકુંડલા બાયપાસ રોડનો ઉપયોગ કરવાનો રહેશે. જ્યારે સાવરકુંડલા શહેર અને મહુવા-રાજુલા વચ્ચે અવરજવર કરતા ટુ-વ્હીલર અને થ્રી-વ્હીલર વાહનો માટે સૂચિત બ્રીજની બંને બાજુએ આવેલા સર્વિસ રોડ પરથી પસાર થવાનું રહેશે.

# ખાંભાના હનુમાનપુર ગામે કુવામાં ડૂબી ગયેલા યુવાનનો મૃતદેહ મળ્યો

ખાંભા,તા.૧૯



ખાંભા તાલુકાના હનુમાનપુર રોડ પર આવેલા તાલડા ગામના વાડી વિસ્તારના એક કૂવામાં કોઈ અજાણી વ્યક્તિ ડૂબી ગઈ છે. આ ગંભીર ઘટનાની જાણ થતાં જ ફાયર ઓફિસર એચ. સી. ગઢવીની આગેવાની હેઠળ અમરેલી ફાયર એન્ડ ઈમર્જન્સી સર્વિસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. ફાયરના જવાનોએ ભારે જહેમત બાદ કૂવામાંથી ડૂબી ગયેલા વ્યક્તિના મૃતદેહને સુરક્ષિત બહાર કાઢ્યો હતો.ત્યારબાદ મૃતદેહને પોસ્ટમોર્ટમની જરૂરી કાર્યવાહી અર્થે સ્થાનિક પોલીસને સોંપવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે મૃત્યુ પામનાર યુવાન દહીડા ગામના ૨૮ વર્ષીય શિવુભાઈ કાળુભાઈ વાળા હતા. આ ઓપરેશનનમાં ફાયર સ્ટાફના સભ્યો ગોહિલ ભગવતસિંહ, ભુરીયા જગદીશભાઈ, ઈસોટિયા જયદીપભાઈ, ગિલાતર કમલેશભાઈ અને ગાંભવા મિલનભાઈએ કામગીરી બજાવી હતી.

# બ્રહ્માકુમારીઝ અમરેલી દ્વારા આજથી 'શ્રીમદ્ ભગવદ્ ગીતા જ્ઞાન સપ્તાહ'નું આયોજન

અમરેલી,તા.૧૯

બ્રહ્માકુમારીઝ અમરેલી સેવા કેન્દ્ર દ્વારા અધિકમાસ નિમિત્તે તા. ૨૦ થી ૨૪ મે દરમિયાન દરરોજ રાત્રે ૮:૩૦ થી ૧૦:૩૦ વાગ્યે સ્ટેશન રોડ સ્થિત મહાજન પાર્ટી પ્લોટ ખાતે 'શ્રીમદ્ ભગવદ્ ગીતા જ્ઞાન સપ્તાહ'નું આયોજન કરાયું છે. 'જીવનનો આધાર ગીતાનો સાર' વિષય પર આધારિત આ કથાના મુખ્ય વક્તા રાજયોગીની બ્રહ્માકુમારી કિંજલબેન રહેશે. આ પાંચ દિવસીય જ્ઞાનયજ્ઞમાં ચિંતામુક્ત જીવન, આત્માની જાગૃતિ, પરમાત્મા મિલનની અનુભૂતિ, વ્યસન મુક્તિ માટે યોગ દ્વારા સમાધાન અને કર્મનો સિધ્ધાંત જેવા વિવિધ આધ્યાત્મિક પ્રસંગો ઉજવાશે. આ જ્ઞાનયજ્ઞમાં ઉપસ્થિત રહીને પોતાના જીવનને મૂલ્યવાન અને ઉજ્જવળ બનાવવા માટે સર્વ શહેરીજનોને હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# સા.કુંડલામાં અકસ્માત બાદ ત્રણ શખ્સોનો યુવકો પર તીક્ષ્ણ હથિયારથી હુમલો

સાવરકુંડલા, તા.૧૯

સાવરકુંડલાના જેસર રોડ પર મોટરસાયકલ અડી જવા જેવી સામાન્ય બાબતે ત્રણ શખ્સોએ ઉશ્કેરાઈને બે પિતરાઈ ભાઈઓ સહિત ત્રણ જણા પર પાઈપ અને તીક્ષ્ણ હથિયાર વડે હિંસક હુમલો કર્યો હોવાની ઘટના સામે આવી છે. આ હુમલામાં એક યુવકને કપાળના ભાગે ગંભીર ઈજા થતાં ટાંકા લેવા પડ્યા હતા, જ્યારે અન્ય એક યુવકને પાઈપનો ફટકો વાગ્યો હતો.ઘટનાની વિગત મુજબ, સતીષભાઈ પ્રવિણભાઈ મોલાડીયાના કાકાનો દીકરો પોતાની મોટરસાયકલ લઈને જેસર રોડ પરથી પસાર થઈ રહ્યો હતો. આ દરમિયાન આગળ જઈ રહેલી એક અજાણી મોટરસાયકલ સાથે તેની બાઈક પાછળથી સહેજ અડી ગઈ હતી. આ નજીવી બાબતે અજાણ્યો બાઈક ચાલક એકદમ ઉશ્કેરાઈ ગયો હતો અને જેમ ફાવે તેમ ગાળો દેવા લાગ્યો હતો. જોતજોતામાં ત્યાં હાજર કિશનભાઈ સોસા, ચિરાગ રાઠોડ તથા એક અજાણ્યા શખ્સ સહિત ત્રણેય આરોપીઓએ ભેગા મળીને યુવકને ઢીકાપાટુનો બેફામ માર મારવાનું શરૂ કરી દીધું હતું.પોતાના ભાઈને માર મારવામાં આવી રહ્યો છે તેવી જાણ થતાં જ સતીષભાઈ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયા હતા અને વચ્ચે પડવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ ઉશ્કેરાયેલા હુમલાખોરોએ તેમને પણ પકડીને ઢીકાપાટુથી માર માર્યો હતો. આ દરમિયાન એક આરોપીએ તેમના કપાળના ભાગે કોઈ તીક્ષ્ણ હથિયારનો જોરદાર ઘા ઝીકી દીધો હતો, જેના કારણે લોહીલુહાણ હાલતમાં તેમને હોસ્પિટલ ખસેડવા પડ્યા હતા, જ્યાં તેમને કપાળ પર બે ટાંકા આવ્યા છે. આ દ્રશ્ય જોઈને તેમના કાકાનો બીજો દીકરો નિતેશ પણ ભાઈઓને બચાવવા માટે વચ્ચે પડ્યો હતો. પરંતુ હુમલાખોરોએ તેને પણ છોડ્યો ન હતો. ત્રણેય આરોપીઓએ નિતેશને ઘેરી લઈને ઢીકાપાટુનો માર માર્યો હતો અને 'જો હવે પછી સામે મળ્યા છો તો જાનથી મારી નાખીશું' તેવી ધમકી આપીને ઘટનાસ્થળેથી નાસી છૂટ્યા હતા.

# દામનગર-ભુરખીયા રોડ પર વાહન વ્યવહાર માટે વૈકલ્પિક રૂટ જાહેર

દામનગર,તા.૧૯

દામનગરથી ભુરખીયા તરફ જતા રોડ પરથી પસાર થતા તમામ વાહનો માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા વૈકલ્પિક રૂટની જાહેરાત કરવામાં આવી છે. આ અંગે ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૩ (૧) (બી) હેઠળ જાહેરનામું પ્રસિધ્ધ કરાયું છે, જે તા. ૧૮.૦૭.૨૦૨૬ સુધી અમલી રહેશે.જાહેરનામા અનુસાર, લાઠી-ભુરખીયા તરફથી આવતા વાહનોએ ગુરૂકુળના આગળના ભાગેથી બજરંગ નગર-છભાડીયા ફાટક થઈ અવાડા ચોક અને નગરપાલિકા મેઈન રોડ પરથી પસાર થવાનું રહેશે. જ્યારે ઢસા-દામનગર તરફથી આવતા વાહનોએ નગરપાલિકા મેઈન રોડથી અવાડા ચોક, છભાડીયા ફાટક થઈ બજરંગ નગર તથા ગુરૂકુળના આગળના ભાગેથી લાઠી-ભુરખીયા રોડ પર જવાનું રહેશે. આ હુકમના ભંગ બદલ કલમ ૧૩૧ હેઠળ કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.

# અમરેલીમાં બાઈક સાથે રિક્ષા ભટકાવી પાઈપ વડે હિંસક હુમલો


અમરેલી, તા. ૧૯

અમરેલીના બહારપરા વિસ્તારમાં જાહેર રોડ પર એક છકડો રિક્ષા ચાલકે આતંક મચાવી, સોડા પી રહેલા એક જ પરિવારના ત્રણ સભ્યો પર પથ્થર અને પાઈપ વડે હિચકારો હુમલો કર્યો હોવાની સળગતી ઘટના સામે આવી હતી. આરોપીએ હથિયારબંધીના જાહેરનામાનો સરેઆમ ભંગ કરી મહિલા અને બાળકી સહિત આખા પરિવારને નિશાન બનાવતાં ચકચાર મચી ગઈ હતી.બનાવ અંગે ફૈઝલભાઈ હુસેનભાઈ કાલવાએ સમીરભાઈ અબ્દુલભાઈ બોળાતર સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ તેમના પરિવારના સભ્યો સાથે અમરેલીના બહારપરા વિસ્તારમાં આવેલ ઘાંચીવાડ, અધ્યારૂ શેરીમાં એક દુકાને સોડા પીવા માટે ઊભા હતા. આ દરમિયાન આરોપી પોતાની છકડો રિક્ષા લઈને ત્યાં ધસી આવ્યો હતો અને તેમની પાર્ક કરેલી મોટરસાયકલ સાથે રિક્ષા જોરદાર રીતે ભટકાવી દીધી હતી. અકસ્માત બાદ પોતાની ભૂલ સ્વીકારવાને બદલે આરોપી એકદમ ઉશ્કેરાઈ ગયો હતો અને પરિવારને જેમ ફાવે તેમ બિભત્સ ગાળો આપવા લાગ્યો હતો. ગાળાગાળી કર્યા બાદ બાજુમાંથી એક મોટો પથ્થર ઉપાડી તે ફરિયાદી પર તૂટી પડ્યો હતો. તેણે પથ્થરના ઘા મારીને તેમના માથાના ભાગે, ડાબા ખંભા પર તથા વાંસાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. આ સમયે તેમનાં પત્ની અને દીકરી તેમને બચાવવા વચ્ચે પડ્યાં, ત્યારે આરોપીએ મહિલાને ડાબા હાથ પર લોખંડની પાઈપનો સટાક કરતો ઘા ઝીકી દીધો હતો તેમજ તેમની નાની દીકરીને પણ શરીરે બેફામ મૂઢ માર મારીને ઈજાઓ પહોંચાડી હતી. હુમલા બાદ આરોપીએ જાહેરમાં આખા પરિવારને ધમકી આપી હતી કે, જો તેઓ આ બાબતે કાયદાકીય આગળ વધશે તો તેમને જાનથી મારી નાખશે.


## સંકુલ ફી સ્ટ્રક્ચર ૨૬-૨૭

| વિગત | વાર્ષિક ફી |
|---|---|
| આર્ટસ કોલેજ(Psy.-Soc.-Eng.) | ૧૫,૪૦૦ |
| કોમર્સ કોલેજ(બન્ને મીડીયમ) | ૨૦,૧૦૦ |
| સાયંસ કોલેજ(માઈક્રો–BT) | ૨૮,૯૦૦ |
| B.C.A. કોલેજ | ૨૮,૯૦૦ |
| B.B.A. કોલેજ | ૨૧,૬૦૦ |
| M.A. કોલેજ(Psy.-Soc.-Eng.) | ૨૦,૧૦૦ |
| M.Com. કોલેજ(બન્ને મીડીયમ) | ૨૦,૧૦૦ |
| M.Sc. કોલેજ(માઈક્રો–BT) | ૪૦,૦૦૦ |
| PG-DMLT કોલેજ | ૪૦,૦૦૦ |
| P.T.C. કોલેજ | ૨૦,૦૦૦ |
| B.Ed. કોલેજ | ૪૪,૦૦૦ |
| M.B.A. કોલેજ | ૪૫,૦૦૦ |
| M.C.A. કોલેજ | ૪૫,૦૦૦ |
| B.Pharm. કોલેજ | ૬૦,૦૦૦ |
| M.Pharm. કોલેજ | ૯૦,૦૦૦ |
| ગર્લ્સ હોસ્ટેલ ધો. ૬ થી ૮ | ૨૫,૮૦૦ |
| ગર્લ્સ હોસ્ટેલ ધો. ૯ થી ૧૨ | ૨૯,૩૦૦ |
| ગર્લ્સ હોસ્ટેલ FY થી PG | ૩૧,૧૦૦ |

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળઃ–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી- Ad071












**ડીઝલ માટે જગતનો તાત પેટ્રોલ પંપ ભટકી રહ્યો છે અને નેતાઓ આરામ ફરમાવી રહ્યાં છે**

# અમરેલી જિલ્લામાં બૂંદ-બૂંદ ડીઝલ માટે તરસતા ખેડૂતો

અમરેલી,તા.૧૯

અમરેલી જિલ્લા સહિત સમગ્ર ગુજરાત રાજ્યમાં હાલ ડીઝલની ભારે તંગી સર્જાઈ છે, જેના કારણે ખાસ કરીને જગતના તાત ગણાતા ખેડૂતોની હાલત અત્યંત બદતર જોવા મળી રહી છે. અત્યારે પાકની સીઝન નજીક આવી રહી હોવાથી ખેતીકામ માટે ડીઝલની તાતી જરૂરિયાત ઊભી થઈ છે, પરંતુ બૂંદ-બૂંદ ડીઝલ મેળવવા માટે ખેડૂતોને કલાકો સુધી પેટ્રોલ પંપો પર ધક્કા ખાવા પડી રહ્યા છે. બીજી તરફ, જિલ્લાના રાજકીય નેતાઓ એસી ચેમ્બરોમાં બેસીને ખેડૂતોની આ ગંભીર મુશ્કેલી હલ કરવાને બદલે માત્ર રાજકીય તાયફાઓ અને કાર્યક્રમોમાં વ્યસ્ત દેખાઈ રહ્યા છે. પ્રધાનમંત્રીએ લોકોને બિનજરૂરી ઈંધણ ન વાપરવાની સલાહ આપી છે, પરંતુ ખેતીપાકમાં ઉપયોગી એવાં ટ્રેક્ટર અને અન્ય સાધનો ચલાવવા માટે ડીઝલ અનિવાર્ય હોવા છતાં ખેડૂતોને તે સરળતાથી મળતું નથી.આ બાબતે જિલ્લા કલેક્ટર તંત્ર દ્વારા એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે ઈંધણની કોઈ અછત નથી, પરંતુ જમીની વાસ્તવિકતા આ સરકારી દાવાઓ કરતાં તદ્દન અલગ અને ચિંતાજનક છે. સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ, સરકારી અધિકારીઓએ



પેટ્રોલ પંપ સંચાલકોને પોતાની સરકારી ગાડીઓ માટે ડીઝલનો જથ્થો અનામત રાખવાની મૌખિક સૂચનાઓ આપી દીધી છે, જેના કારણે સામાન્ય જનતા માટે મુશ્કેલી વધી છે. કપરી પરિસ્થિતિ તો એ છે કે રાજુલા અને જાફરાબાદ પંથકમાં ઈમરજન્સી સેવા આપતી એમ્બ્યુલન્સમાં પૂરવા માટે પણ ડીઝલનો જથ્થો ઉપલબ્ધ નહોતો, જે તંત્રની ઘોર બેદરકારી દર્શાવે છે. ટૂંક સમયમાં જ ચોમાસુ પાકની સીઝન શરૂ થવાની છે, ત્યારે જમીનના લેવલિંગ અને ખેડ કરવા માટે ટ્રેક્ટર સહિતના કૃષિ વાહનોમાં ડીઝલની પુષ્કળ જરૂરિયાત પડવાની છે, પરંતુ ખેડૂત અત્યારથી જ દર-દર ભટકી રહ્યો છે. તાજેતરમાં જ કલેક્ટરના અધ્યક્ષસ્થાને ધારાસભ્યોની હાજરીમાં ફરિયાદ અને સંકલનની એક મહત્વની બેઠક યોજાઈ હતી, જેમાં આટલી મોટી કટોકટી હોવા છતાં કોઈ પણ ધારાસભ્યએ ખેડૂતોના હિતમાં ડીઝલની અછત બાબતે રજૂઆત કરી ન હોવાનું બહાર આવ્યું છે.

લોકશાહીમાં ખેડૂતોના કિંમતી મતોના આધારે ચૂંટણી જીતીને સત્તા ભોગવતા નેતાઓ ડીઝલની કટોકટી દૂર કરવા માટે કોઈ નક્કર કામગીરી કે રજૂઆત કરતા નથી. ખેડૂતો ડીઝલ માટે આટલા પીડાઈ રહ્યા છે છતાં જિલ્લાના જવાબદાર નેતાઓનું પેટનું પાણી હલતું નથી. છેલ્લા એક અઠવાડિયાથી કાળઝાળ ગરમીમાં ખેડૂતો લાઈનોમાં ઊભા છે અને રાજકીય નેતાઓ મૂક પ્રેક્ષક બનીને તમાશો જોઈ રહ્યા છે.

**પટ્ટા-ટોપી ઉતારી નાખવાની ધમકી આપી**

# બગસરામાં વાહન ચેકિંગ દરમિયાન પીએસઆઈ સાથે ઝપાઝપી અને ગાળાગાળી

**ફરજમાં રુકાવટ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી**

બગસરા, તા. ૧૯

બગસરામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને પડકારતો એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જ્યાં ટ્રાફિક નિયમન અંતર્ગત વાહન ચેકિંગ કરી રહેલા ઓન-ડ્યુટી પોલીસ સબ ઈન્સ્પેક્ટર (PSI) સાથે બે શખ્સોએ ઉદ્ધત વર્તન કરી, ઝપાઝપી કરી તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપીને કાયદેસરની ફરજમાં રુકાવટ ઊભી કરી હતી.આ અંગે પીએસઆઈ કમલેશદાન ગુલાબદાન મયા (ઉ.વ. ૫૧) એ જલદીપભાઈ શૈલેષભાઈ ધાંધીયા તથા તેજસ ઉર્ફે ભુરો સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, પીએસઆઈ જ્યારે કાયદેસરની વાહન ચેકિંગની કામગીરી કરી રહ્યા હતા, ત્યારે જલદીપ શૈલેષભાઈ ધાંધીયા નામનો એક શખ્સ નંબર પ્લેટ વગરની મોટરસાયકલ લઈને ત્યાંથી પસાર થઈ રહ્યો હતો. પીએસઆઈએ તેને રોકીને મોટરસાયકલની નંબર પ્લેટ, પી.યુ.સી. અને ડ્રાઈવિંગ લાયસન્સની માંગણી કરતા જ ચાલક ઉશ્કેરાઈ ગયો હતો. તેણે ઉદ્ધતાઈપૂર્વક કહ્યું હતું કે, 'મારું નામ જલદીપ શૈલેષભાઈ ધાંધીયા છે, હું શું કામ તને લાયસન્સ બતાવું?' તેમ કહી જાહેરમાં અભદ્ર ભાષામાં ગાળો બોલી પીએસઆઈનું અપમાન કરવાનું શરૂ કર્યું હતું. આ બોલાચાલી દરમિયાન નજીકમાંથી જ તેજસ ઉર્ફે ભુરો નામનો અન્ય એક શખ્સ ત્યાં દોડી આવ્યો હતો અને 'આ જલદીપ મારો ભાઈ છે, તમે તેને કેમ રોકો છો?' તેમ કહી પીએસઆઈ પર હુમલો કરી દીધો હતો. તેજસ ઉર્ફે ભુરાએ સરકારી કર્મચારીનો કાઠલો પકડીને તેમની સાથે ઝપાઝપી શરૂ કરી દીધી હતી. આ અફરાતફરીનો લાભ ઉઠાવીને પહેલો આરોપી જલદીપ ઘટનાસ્થળેથી પોતાની બાઈક લઈને નાસી છૂટ્યો હતો. આરોપી જલદીપ ધાંધીયા નાસી ગયા બાદ પણ બીજા આરોપી તેજસ ઉર્ફે ભુરાએ પીએસઆઈ સાથેની ઝપાઝપી ચાલુ રાખી હતી અને જાહેરમાં ધમકી આપી હતી કે, 'હવે તમે કેવી રીતે બગસરામાં નોકરી કરો છો તે હું જોઈ લઈશ, તમારા પટ્ટા અને ટોપી ઉતારી નાખીશ.'આમ, બંને આરોપીઓએ ભેગા મળીને એક રાજ્યસેવકને તેમની કાયદેસરની ફરજમાં રુકાવટ કરી હતી. બગસરા પોલીસ સ્ટેશનના પીઆઈ વી. કે. ગોલવેલકર વધુ તપાસ કરી રહ્યા છે.

# મોટી કુકાવાવ ગામે ઘર બહાર લગાડેલા સીસીટીવીની ચોરી

વડિયા, તા.૧૯

વડિયાના મોટી કુકાવાવ ગામે ઘર બહાર લગાડેલા સીસીટીવીના કેબલ કાપી ચોરી થયાની ઘટના સામે આવી હતી. બનાવ અંગે અરવિંદભાઈ વલ્લભભાઈ આસોદરીયા (ઉ.વ.૬૫)એ હરકીશનભાઈ વિનુભાઈ આસોદરીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીએ તેના ઘરની બહાર લગાડેલા ત્રણ સીસીટીવીના કેબલ વાયર કાપી નાખ્યા હતા. જે બાદ બે સીસીટીવીના બે કેમેરાની ચોરી કરી હતી. વડિયા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી પી ધાંધલા વધુ તપાસ કરી રહ્યા છે.


શ્રેષ્ઠ શિક્ષણ... શ્રેષ્ઠ પરિણામ...
પિનાયક કોમર્સ કલાસીસ
:ઉચ્ચતર માધ્યમિક વિભાગ: ધોરણ 11-12 (આંકડાશાસ્ત્ર અને એકાઉન્ટ)
વ્યાજબી ફી ઉત્તમ શિક્ષણ
:કોલેજ વિભાગ: B.Com.-M.Com. (એકાઉન્ટ)
સંપર્ક : ડૉ. એન.વી. ગજેરા (M.Com., M.Ed., Ph.D.)
Mo. 91061 56315 | 99098 09856
સ્થળ : 8, શિવશક્તિ કોમ્પલેક્ષ, લાઠી રોડ, અમરેલી.


# અમરેલી જિલ્લામાં તા. ૨૮ મે સુધી હથિયાર બંધી સહિત પર પ્રતિબંધ

અમરેલી,તા.૧૯

બકરી ઈદના તહેવાર નિમિત્તે જિલ્લામાં કાયદો, વ્યવસ્થા અને શાંતિ જળવાઈ રહે તે માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની વિવિધ કલમો હેઠળ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. આ હુકમ તા. ૨૮.૦૫.૨૦૨૬ સુધી અમલી રહેશે. જાહેરનામા અનુસાર, જિલ્લામાં શસ્ત્રો, તલવાર, બંદૂક કે ચપ્પુ જેવા ઘાતક હથિયારો સાથે રાખવા તેમજ વિસ્ફોટક પદાર્થો લઈ જવા પર પ્રતિબંધ છે. સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટની પૂર્વ મંજૂરી વિના સભા ભરવા કે સરઘસ કાઢવા પર અને તાલુકા એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટની પરવાનગી વગર લાઉડસ્પીકર વગાડવા પર મનાઈ ફરમાવવામાં આવી છે. આ નિયમો સરકારી ફરજ પરના કર્મચારીઓ, વરઘોડા અને સ્મશાન યાત્રાને લાગુ પડશે નહીં. જાહેરનામાનો ભંગ કરનાર સામે કલમ ૧૩૧ અને ૧૩૫ હેઠળ કડક કાર્યવાહી થશે.

# સાવરકુંડલાના ખડકાળા ગામની સીમમાંથી પાંચ શકુની ઝડપાયા

સાવરકુંડલા, તા. ૧૯

સાવરકુંડલાના ખડકાળા ગામની સીમમાંથી ૫ જુગારીઓ ઝડપાયા હતા. તેમની પાસેથી રૂપિયા ૧૬,૨૫૦નો મુદ્દામાલ જપ્ત કરાયો હતો. પોલીસ રેડ દરમિયાન પ્રતાપભાઈ આપાભાઈ ખુમાણ, કાળુભાઈ ગીગાભાઈ સૈયદ, કલ્પેશભાઈ રમેશભાઈ વસોયા, મહેશભાઈ મુકુંદભાઈ ભટ્ટ તથા ભરતભાઈ ગોબરભાઈ સાથળા ગંજીપત્તાના પાના વડે તીનપત્તીનો હારજીતનો જુગાર રમતા ઝડપાયા હતા. પોલીસે આ તમામ પાસેથી રોકડા રૂપિયા ૧૬,૨૫૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.


BLUE BUDDHA
CLEARANCE SALE
T-SHIRTS @ ₹399
POLOS @ ₹499
SHIRTS @ ₹699
TROUSERS @ ₹699
DENIMS @ ₹799
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
▪મનિષ વાકોતર ▪વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in | નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.



અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ
વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ,
ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.



LAKSHYA EDUCATION
એડમિશન પ્રક્રિયા શરૂ છે
ધોરણ 10 અને 12 પછી
ANM
GNM
BSC (નર્સિંગ)
PBSC
B.D.S.
D. PHARMACY
SC ST વિદ્યાર્થી ને શિષ્યવૃત્તિ પર એડમિશન
માન્ય સંસ્થા | વધુ માહિતી માટે
લક્ષ્ય એજ્યુકેશન
બીજો માળ ટાઉન હોલ ભીડભંજન મંદિર સામે અમરેલી
લાલજી ચાવડા
7043819956
રાજકોટ, ભાવનગર, જુનાગઢ, ગાંધીનગર, અમદાવાદ, અમરેલી,



ડ્રીમ ફેમિલી સ્પાની ધમાકા ઓફર
Dream Family spa | ડ્રીમ ફેમીલી સ્પા
Ladies & Gents
ભાઈઓ માટે Rs.1399/-માં પ્રીમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૪૫ મિનીટ
બહેનો માટે Rs.699/-માં પ્રીમીયમ મસાજ
કપલ માટે Rs.1399/-માં પ્રીમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
ADRESS : સાવર કુંડલા ચોકડી, રીંગ રોડ, RTO office ની બજુમા
અમરેલી - 365601


**//એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી શહેરની કોર્ટમાં, અમરેલી//**

અપીલ અરજી. નં.૪૨/૨૦૨૬

અરજદાર :- શ્રી રહીમભાઈ હબીબભાઈ કાલવા,
રહે.લુવાણા શેરી, ઘાંચી વાડ, અમરેલી
તા.જિ.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા કચેરી,
મું.અમરેલી, તા./જી. અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરેલી શહેરમાં રહીમભાઈ હબીબભાઈ કાલવા તેમના ભાણેજ યુસુફ ઈસાકભાઈ કટારીયા નો જન્મ (તા.૨૮/૦૭/૧૯૭૭) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૪/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

(કોર્ટનો સિક્કો)

સહી,
(કે.કે.દવે)
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી શહેર

**//એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//**

અપીલ રજી. નં.૯૫/૨૦૨૬

અરજદાર :- શ્રી જેરામભાઈ માધાભાઈ ગામી
રહે.નાના આંકડિયા, તા.જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
મું.નાના આંકડિયા, તા.જી. અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના નાના આંકડિયા ગામમાં અરજદારશ્રી જેરામભાઈ માધાભાઈ ગામી તેઓની પોતાની જન્મ (તા.૦૧/૦૬/૧૯૬૧) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૬/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

(કોર્ટનો સિક્કો)

સહી,
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય


શું તમને સાંભળવાની તકલીફ છે ?
નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીન ઉપલબ્ધ : વૉટરપ્રુફ
રિચાર્જેબલ | બ્લુટૂથ ટેકનોલોજી | AI ટેકનોલોજી
બેસ્ટ સાઉન્ડ કવોલિટી | વ્યાજબી કિંમત
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363


**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૧૧૦/૨૦૨૬

અરજદાર : શ્રી મકવાણા ભાણાભાઈ માધાભાઈ
સરનામુ : મું.વડલી, તા.જાફરાબાદ જિ.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી - વડલી
મું.વડલી, તા.જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના વડલી** ગામના **શ્રી મકવાણા ભાણાભાઈ માધાભાઈ** એ તેમના **પિતા નામે સ્વ.શ્રી. મકવાણા કરશનભાઈ કાનાભાઈ નું મરણ** તા.૨૦/૦૬/૧૯૯૫ નાં રોજ **મરણ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એચ.ડી.માંડલીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **મરણ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૦૫ માહે. મે સને. ૨૦૨૬ નાં રોજ મારી સહિ તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૦૫/૦૫/૨૦૨૬

(કોર્ટનો સિક્કો)

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

## તંત્રી લેખ

# માનવીના આરોગ્ય પર ઝળુંબતો સૌથી મોટો ખતરો

આજના વૈશ્વિક યુગમાં કોઈ એક દેશની સમસ્યા માત્ર તેની સીમાઓ સુધી મર્યાદિત રહેતી નથી. આરોગ્ય, રાજકારણ, સુરક્ષા અને સામાજિક અસ્થિરતા જેવી ઘટનાઓ હવે સમગ્ર વિશ્વ માટે ચિંતાનો વિષય બની ગઈ છે. તાજેતરમાં વિશ્વના વિવિધ ખૂણાઓમાંથી સામે આવેલી કેટલીક મહત્વપૂર્ણ ઘટનાઓ એ સ્પષ્ટ સંદેશ આપે છે કે માનવજાત હવે પરસ્પર વધુ નજીક આવી ગઈ છે, પરંતુ તેની સાથે જોખમો પણ વૈશ્વિક બની ગયા છે.કોંગોમાં ફરી એકવાર ઈબોલાના પ્રકોપે વિશ્વને ચિંતિત કર્યું છે. અમેરિકાએ કોંગોમાં ઈબોલા ફાટી નીકળવાના કારણે પોતાના એરપોર્ટ્સ પર સ્ક્રીનિંગ વધુ કડક બનાવ્યું છે. કોંગોમાં એક અમેરિકન નાગરિકમાં ઈબોલાની પુષ્ટિ થતાં આરોગ્ય તંત્ર વધુ સતર્ક બન્યું છે. ઈબોલા માત્ર એક બીમારી નથી, પરંતુ તે માનવજાત માટે ભયનું પ્રતીક બની ગઈ છે. વર્ષ ૨૦૧૪ દરમિયાન પશ્ચિમ આફ્રિકામાં ફેલાયેલા ઈબોલાએ હજારો લોકોના જીવ લીધા હતા અને વિશ્વ આરોગ્ય વ્યવસ્થાની મર્યાદાઓને ઉજાગર કરી હતી. આજના સમયમાં, જ્યાં હવાઈ મુસાફરી અત્યંત ઝડપી બની ગઈ છે, ત્યાં કોઈ પણ ચેપી રોગ થોડા જ દિવસોમાં આંતરરાષ્ટ્રીય સ્વરૂપ ધારણ કરી શકે છે. તેથી અમેરિકાનું કડક સ્ક્રીનિંગ માત્ર પોતાની સુરક્ષા માટે નહીં, પરંતુ વૈશ્વિક આરોગ્ય પ્રત્યેની જવાબદારીનું પણ પ્રતિબિંબ છે.આ ઘટનાએ ફરી યાદ અપાવ્યું છે કે વિશ્વને આરોગ્ય વ્યવસ્થામાં વધુ મજબૂત વૈશ્વિક સહકાર વિકસાવવાની જરૂર છે. કોરોના મહામારીએ આપણને શીખવ્યું હતું કે વિજ્ઞાન, સંશોધન અને સમયસરની કાર્યવાહી જ માનવજાતને બચાવી શકે છે. પરંતુ અનેક ગરીબ અને વિકાસશીલ દેશોમાં આરોગ્યસુવિધાઓ આજે પણ નબળી છે. જો આવા પ્રદેશોમાં ચેપી રોગો ફાટી નીકળે, તો તેની અસર સમગ્ર વિશ્વને સહન કરવી પડે છે.બીજી તરફ, ફિલિપાઈન્સમાં રાજકીય ઉથલપાથલનું દ્રશ્ય જોવા મળી રહ્યું છે. દેશની સેનેટે ઉપરાષ્ટ્રપતિ સારા દુતેર્તે સામે મહાભિયોગની કાર્યવાહી શરૂ કરી છે. લોકશાહી દેશોમાં મહાભિયોગ માત્ર કાનૂની પ્રક્રિયા નથી, પરંતુ રાજકીય વિશ્વાસ અને જવાબદારીની કસોટી પણ છે. જ્યારે સત્તાના ઉચ્ચ પદ પર બેઠેલી વ્યક્તિ સામે આક્ષેપો થાય છે, ત્યારે સમગ્ર શાસનવ્યવસ્થા પ્રત્યે લોકોનો વિશ્વાસ હચમચી શકે છે. આવી કાર્યવાહી દેશની આંતરિક સ્થિરતા પર લાંબા ગાળે અસર કરી શકે છે.આ દરમિયાન યુરોપમાં હંટાવાયરસની ઘટનાએ આરોગ્ય ક્ષેત્રે બીજી એક ચિંતા ઊભી કરી છે. હંટાવાયરસથી સંક્રમિત ક્રૂઝ શિપ 'એમવી હોન્ડિયસ'ને જંતુનાશક પ્રક્રિયા માટે રોટરડામ ખસેડવામાં આવ્યું છે. કોરોનાકાળ પછી સ્પષ્ટ થયું છે કે બંધ અને સંકુચિત જગ્યાઓ ચેપી રોગો માટે જોખમી બની શકે છે. હંટાવાયરસ સામાન્ય રીતે ઉંદર જેવા પ્રાણીઓ દ્વારા ફેલાય છે અને ગંભીર શ્વસન સમસ્યાઓ ઊભી કરી શકે છે.તુર્કીના મેર્સિન પ્રાંતમાં રેસ્ટોરન્ટના વિવાદ દરમિયાન થયેલા ગોળીબારમાં છ લોકોના મોત અને આઠ લોકો ઘાયલ થવાની ઘટના સમાજમાં વધી રહેલી હિંસા અને અસહિષ્ણુતાનું પ્રતિબિંબ છે. નાના વિવાદો હવે જીવલેણ સ્વરૂપ ધારણ કરી રહ્યા છે. વિશ્વના અનેક દેશોમાં માનસિક તણાવ, ગુસ્સો અને હથિયારોની સરળ ઉપલબ્ધતા સામાજિક સુરક્ષાને ખતરામાં મૂકી રહી છે.આ તમામ ઘટનાઓ ભલે અલગ-અલગ દેશોની હોય, પરંતુ તેમાં એક સામાન્ય સંદેશ સમાયેલો છે — વિશ્વ આજે અનિશ્ચિતતા અને અસુરક્ષાના નવા યુગમાંથી પસાર થઈ રહ્યું છે. આરોગ્ય સંકટ, રાજકીય અસ્થિરતા અને સામાજિક હિંસા હવે વૈશ્વિક પડકારો બની ગયા છે. આવા સમયમાં દેશોએ માત્ર પોતાના હિતો સુધી સીમિત ન રહી, પરંતુ માનવજાતના સમૂહ કલ્યાણ માટે સંયુક્ત પ્રયાસો કરવાની જરૂર છે. માનવતા, વિજ્ઞાન અને શાંતિના માર્ગે ચાલીને જ વિશ્વ વધુ સુરક્ષિત અને સ્થિર બની શકે છે.

# રાજ્ય કક્ષાની એથ્લેટિક્સ સ્પર્ધામાં અમરેલીની વિદ્યાસભા સ્કૂલના ખેલાડીઓએ ૧૬ મેડલ જીત્યા

અમરેલી,તા.૧૯

નડીયાદ ખાતે યોજાયેલી રાજ્ય કક્ષાની ઈન્ટર D.L.S.S. એથ્લેટિક્સ લીગ સ્પર્ધા ૨૦૨૬માં અમરેલીના ગજેરા કેમ્પસ – વિદ્યાસભા સ્કૂલના ખેલાડીઓએ શાનદાર પ્રદર્શન કરીને સમગ્ર જિલ્લાનું ગૌરવ વધાર્યું છે.



આ સ્પર્ધામાં શાળાના એથ્લેટ્સોએ પોતાની શ્રેષ્ઠ રમત અને આત્મવિશ્વાસના જોરે ૪-સુવર્ણ, ૭-રજત અને ૫-કાંસ્ય પદક મળીને કુલ ૧૬ મેડલ મેળવ્યા છે. જેમાં વાઘેલા કિશન, ભુરીયા આકાશ, સટિયા યશ અને રાઠોડ કેયુર સહિતના ખેલાડીઓએ હાઈ જમ્પ, લોંગ જમ્પ અને વિવિધ દોડ સ્પર્ધાઓમાં અદભુત સફળતા મેળવી છે. ખેલાડીઓની આ ગૌરવપૂર્ણ સિધ્ધિ પાછળ તેમની નિયમિત ટ્રેનિંગ અને કોચનું માર્ગદર્શન મુખ્ય રહ્યું છે. આ ભવ્ય સફળતા બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા અને મેનેજીંગ ટ્રસ્ટી અશોકભાઈ ગજેરા સહિતના હોદેદારોએ વિજેતા ટીમ અને કોચને અભિનંદન પાઠવ્યા છે.

# બગસરા બાયપાસ નદીપરા વિસ્તારમાંથી દારૂની ૧૭૭ બોટલ ઝડપી પાડતી પોલીસ

બગસરા, તા.૧૯



બગસરા બાયપાસ નદીપરા વિસ્તારમાંથી દારૂની ૧૭૭ બોટલ સાથે યુવક ઝડપાયો હતો. કામીલશા ઉર્ફે સુજલો સાજીદશા શાહમદાર (ઉ.વ.૨૦) પાસેથી પાસ પરમીટ વગર પોતાના કબ્જાવાળા રહેણાક મકાને ભારતીય બનવાટના વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની ૧૮૦ મી.લી. ની ૧૭૭ નંગ રીંગ પેક બોટલો મળી આવી હતી. પોલીસે રૂ. ૩૦,૦૯૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. બગસરા ટાઉન પોલીસ દ્વારા બસ સ્ટેન્ડ નજીકથી એક કાયદાના સંઘર્ષમાં આવેલા બાળ કિશોરને ગેરકાયદેસર રીતે ભારતીય બનાવટના વિદેશી દારૂના જથ્થા સાથે ઝડપી પાડવામાં આવ્યો છે. પોલીસે તેની પાસેથી કુલ ૧૧ નંગ દારૂની બોટલો જપ્ત કરી હતી.

# બાબરામાં દરજીકામ કરતા યુવકને ફોનમાં ગાળો આપી ધમકાવ્યો

બાબરા, તા. ૧૯

બાબરામાં દરજીકામ કરતા એક યુવકને ફોન પર ગાળો આપી ધમકી આપવામાં આવી હતી.

આ અંગે ઉમંગભાઈ રાજુભાઈ મકવાણા (ઉં.વ.૨૦)એ કેવલભાઈ સંજયભાઈ ગોહેલ સામે ફરિયાદ નોંધાવી હતી. ઉમંગભાઈના મિત્રની બહેન જેતપુર ગામના હર્ષ સાકરીયા સાથે ભાગી ગઈ હતી, જેથી તેઓ તેના મિત્રની બહેનને શોધવા જેતપુર ગયા હતા. આ બાબતની અદાવત રાખી આરોપી કેવલભાઈએ, 'હર્ષ સાકરીયાની વચ્ચે ક્યાંય આડે નહીં આવવા' બાબતે ઉમંગભાઈને ફોન પર જેમ ફાવે તેમ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ. કે. મકવાણા આ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.

# વાંકીયાની સુખપર ચોકડી પાસે પૌત્રને બાઈક પર બેસાડી જતા વૃધ્ધને બોલેરોએ અડફેટે લીધા

વાંકીયા, તા.૧૯

જસદણથી કાસકોલીયા રોડ પર આવેલા વાંકીયા ગામની સુખપર ચોકડી પાસે એક બેફામ ઝડપે આવતી બોલેરો ગાડીના ચાલકે મોટરસાયકલને જોરદાર ટક્કર મારતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં બાઈક ચલાવી રહેલા વૃધ્ધ અને તેમની સાથે બેઠેલા તેમના માસૂમ પૌત્રને શરીરે નાની-મોટી અને ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત સર્જ્યા બાદ ચાલક પોતાની ગાડી ઘટનાસ્થળે જ મૂકીને નાસી છૂટ્યો હતો. આ અંગે જેસાભાઈ આંબાભાઈ જાપડીયા (ઉ.વ.૬૧)એ બોલેરો ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેઓ તેમના પૌત્રને મોટરસાયકલ પર બેસાડીને જસદણથી કાસકોલીયા જવા નીકળ્યા હતા.

તેઓ મુસાફરી દરમિયાન વાંકીયા ગામે સુખપર ચોકડી પાસે આવેલા એક ગેરેજ સામે પહોંચ્યા, ત્યારે જ સામેથી આવતી બોલેરો ગાડીના ચાલકે પોતાનું વાહન પૂરઝડપે અને ગફલતભરી રીતે ચલાવીને ધડાકાભેર ભટકાવ્યું હતું. આ અકસ્માતમાં દાદા અને પૌત્ર બંને રોડ પર પટકાયા હતા. અકસ્માત સર્જનાર બોલેરો ચાલક પકડાઈ જવાની બીકે પોતાની ગાડી ઘટનાસ્થળે જ છોડીને ત્યાંથી નાસી છૂટ્યો હતો. બાબરા પોલીસ સ્ટેશનના એએસઆઈ જે.આર.દાંતી વધુ તપાસ કરી રહ્યા છે.

# લાઠીના ટોડા ગામે પત્નીને મેસેજ કરવા બાબતે યુવકને ધમકી

લાઠી, તા.૧૯

લાઠીના ટોડા ગામે એક યુવકને તું મારી પત્નીને આવા ખરાબ મેસેજ શું કામ કરે છે કહી ટાંટીયા ભાંગી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગે મેહુલભાઇ નાથાભાઇ ઝાપડીયા (ઉ.વ.૩૪) એ મેહુલભાઇ નાથાભાઇ ચોહલા, ધુધાભાઇ નાથાભાઇ ચોહલા, બીજલભાઇ નાથાભાઇ ચોહલા, વિક્રમભાઇ ધુધાભાઇ ચોહલા, વિરજીભાઇ જેસાભાઇ ચોહલા, રોનકભાઇ બીજલભાઇ ચોહલા સામે ફરિયાદ નોંધાવી હતી. તેઓ પોતાની પાન-માવાની દુકાનને વેપાર ધંધો કરતો હોય ત્યારે પોતાના ફોનની ફેસબુક આઇ.ડી ઉપર રિકવેસ્ટ આવી હતી. જેમા તેના પત્ની સંગીતાની ફેસબુક આઇ.ડી નામના એકાઉન્ટ ઉપર આરોપી મેહુલભાઇ ચોહલાએ મેસેજ કરેલ હોય કે, કેમ ભાભી દોસ્તી કરી તેમજ તેના પત્નીના ફોટા નીચે એક દિલનું ઈમોજી મેસેજ કર્યું હતું. જેથી તેમણે આરોપીને કહ્યું કે તું મારી પત્નીને આવા ખરાબ મેસેજ શું કામ કરે છે. જેથી આરોપીએ અભદ્ર ભાષાનો ઉપયોગ કરી હતો. જે બાદ આરોપીઓ તેના ભાઈઓને બોલાવ્યા હતા. આરોપીના ભાઈઓએ આવીને કહ્યું કે, તે મારી પત્નીને ખરાબ મેસેજ કરે છે તો આરોપીએ તેની વાત માની નહોતી. તેમજ ગાળો આપવા લાગ્યો હતો. તે દરમિયાન તેના ભાઈઓ આવી જતા આરોપીઓ જતા રહ્યા હતા. જતા જતા આરોપીએ તેને કહ્યું કે, બધા લોકો આવી ગયા છે, વાડીએ થોડા સાથે હશે એમ કહી ટાંટીયા ભાગી નાખવાની તથા મારી નાખવાની ધમકી આપી હતી.

# બાબરાના લાલકા ગામે ઘરેથી નાહવા જવાનું કહી નીકળેલો યુવક ગુમ થયો

અમરેલી, તા. ૧૯

અમરેલી જિલ્લામાંથી વધુ ત્રણ લોકો લાપતા બન્યા હતા. બાબરાના લાલકા ગામે રહેતા વલકુભાઇ દાહાભાઇ સોલંકીએ જાહેર કર્યા મુજબ, તેમનો દીકરો વિપુલ પોતાના ઘરેથી નાહવા જવાનું કહી નીકળ્યો હતો, જે બાદ તે ઘરે પરત આવ્યો નહોતો. જ્યારે અમરેલીમાં રહેતા વિશાલભાઇ હિમતભાઇ થાવાણીએ જાહેર કર્યા મુજબ, અલ્કાબેન હિમતભાઇ થાવાણી પોતાના ઘરેથી કોઇને કહ્યા વગર ક્યાંક ચાલ્યા ગયા હતા. આ ઉપરાંત, બોટાદના રાણપુર તાલુકાના ઉમરાળા ગામના દેવરાજભાઇ શામળાભાઇ ખટાણા એ જાહેર કર્યા મુજબ, યુવરાજ દેવરાજભાઇ ખટાણા અમરેલીના નાગનાથ બસસ્ટેન્ડથી કોઇને કહ્યા વગર ક્યાંક ચાલ્યો ગયો હતો.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૪૫૦ | ૧૯૬૨ |
| ઘઉં લોકવન | ૪૫૧ | ૫૦૫ |
| ઘઉં ટુકડા | ૪૫૫ | ૫૫૫ |
| જુવાર સફેદ | ૮૭૬ | ૯૬૬ |
| જુવાર લાલ | ૮૩૬ | ૯૫૮ |
| જુવાર પીળી | ૩૬૧ | ૪૨૫ |
| બાજરી | ૩૦૦ | ૪૭૧ |
| તુવેર | ૧૧૨૦ | ૧૫૨૫ |
| ચણા પીળા | ૯૫૦ | ૧૧૧૦ |
| ચણા સફેદ | ૧૧૭૫ | ૧૮૫૦ |
| અડદ | ૧૨૫૦ | ૧૬૪૦ |
| મગ | ૧૪૩૪ | ૧૯૦૦ |
| વાલ દેશી | ૬૩૦ | ૧૦૩૦ |
| ચોળી | ૮૦૦ | ૧૫૪૫ |
| વટાણા | ૫૦૦ | ૮૬૦ |
| કળથી | ૩૦૬ | ૩૭૫ |
| રાજમા | ૩૦૦ | ૧૬૦૦ |
| સીંગદાણા | ૧૬૪૦ | ૧૯૫૦ |
| મગફળી જાડી | ૧૨૪૦ | ૧૬૪૦ |
| મગફળી જીણી | ૧૨૩૦ | ૧૬૯૦ |
| તલી | ૧૯૫૦ | ૨૨૫૬ |
| સુરજમુખી | ૧૨૯૦ | ૧૨૯૦ |
| એરંડા | ૧૧૫૦ | ૧૩૦૮ |
| અજમો | ૧૫૦૦ | ૨૭૦૦ |
| સુવા | ૯૦૦ | ૧૩૫૦ |
| સોયાબીન | ૧૨૫૧ | ૧૫૭૪ |
| સીંગફાડા | ૧૪૦૦ | ૧૮૬૦ |
| કાળા તલ | ૨૧૦૦ | ૩૫૫૦ |
| લસણ | ૮૫૦ | ૧૫૮૦ |
| ધાણા | ૨૩૫૦ | ૨૪૭૫ |
| મરચા સુકા | ૫૦૦ | ૩૪૧૦ |
| ધાણી | ૨૪૦૦ | ૨૬૯૦ |
| વરીયાળી | ૧૨૦૦ | ૧૮૪૬ |
| જીરૂ | ૩૩૦૦ | ૩૮૦૫ |
| રાય | ૧૨૫૦ | ૧૫૮૦ |
| મેથી | ૧૧૦૦ | ૧૯૪૦ |
| ઇસબગુલ | ૪૫૦ | ૧૩૫૦ |
| અશેરીયો | ૯૩૬ | ૧૧૧૫ |
| કલોંજી | ૨૭૦૦ | ૩૪૭૧ |
| રાયડો | ૧૨૧૦ | ૧૩૯૦ |
| રજકાનું બી | ૫૦૦૦ | ૬૭૦૦ |
| ગુવારનું બી | ૯૫૦ | ૧૧૫૦ |

| | | |
|---|---|---|
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૪૧૫ | ૬૨૨ |
| લીંબુ | ૧૫૨૪ | ૩૦૫૯ |
| સાકરટેટી | ૧૨૪ | ૨૮૨ |
| તરબુચ | ૧૨૪ | ૨૧૮ |
| પપૈયા | ૭૨ | ૧૪૬ |
| બટેટા | ૧૦૫ | ૨૭૮ |
| ડુંગળી સુકી | ૬૧ | ૩૪૦ |
| ટમેટા | ૪૦૫ | ૫૭૮ |
| સુરણ | ૮૧૧ | ૧૦૧૮ |
| કોથમરી | ૫૩૪ | ૮૦૫ |
| રીંગણા | ૧૨૪ | ૨૧૧ |
| કોબીજ | ૮૩ | ૧૫૬ |
| ફ્લાવર | ૨૪૬ | ૩૮૫ |
| ભીંડો | ૨૧૧ | ૩૪૬ |
| ગુવાર | ૩૩૫ | ૭૬૯ |
| ચોળાસીંગ | ૩૯૫ | ૭૮૩ |
| ટીંડોળા | ૪૦૧ | ૬૬૭ |
| દુધી | ૧૨૧ | ૨૦૫ |
| કારેલા | ૨૧૨ | ૩૪૨ |
| સરગવો | ૨૬૭ | ૫૭૭ |
| તુરીયા | ૩૫૩ | ૫૧૯ |
| પરવર | ૫૨૬ | ૭૧૧ |
| કાકડી | ૨૨૨ | ૪૧૮ |
| ગાજર | ૨૫૨ | ૩૭૭ |
| વટાણા | ૧૨૦૫ | ૧૬૧૪ |
| ગલકા | ૧૬૪ | ૨૫૪ |
| બીટ | ૧૫૫ | ૩૩૩ |
| મેથી | ૬૫૧ | ૮૪૪ |
| ડુંગળી લીલી | ૫૦૫ | ૮૫૬ |
| આદુ | ૧૩૭૭ | ૧૬૮૯ |
| મરચા લીલા | ૫૫૪ | ૭૮૭ |
| મકાઇ લીલી | ૧૭૯ | ૩૫૯ |
| ગુંદા | ૨૪૪ | ૪૨૬ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૧૧ | ૧૯૫૬ |
| ઘઉં લોકવન | ૪૫૬ | ૫૨૨ |
| ઘઉં ટુકડા | ૪૫૮ | ૫૮૧ |
| મગફળી જીણી | ૧૨૦૧ | ૧૭૩૧ |
| સિંગદાણા જાડા | ૧૫૦૧ | ૧૯૦૧ |
| સિંગ ફાડીયા | ૧૨૦૧ | ૧૭૫૧ |
| એરંડા / એરંડી | ૧૦૫૬ | ૧૩૨૧ |
| જીરૂ | ૨૦૦૦ | ૩૯૭૧ |
| કલંજી | ૧૦૦૦ | ૩૪૩૧ |
| ધાણા | ૧૭૦૧ | ૨૬૧૧ |
| લસણ સુકું | ૬૯૧ | ૧૫૭૧ |
| ડુંગળી લાલ | ૬૬ | ૩૧૧ |
| અડદ | ૮૫૧ | ૧૬૧૧ |
| તુવેર | ૮૦૧ | ૧૫૬૧ |
| રાયડો | ૧૧૦૦ | ૧૧૦૦ |
| રાય | ૮૫૦ | ૧૩૪૧ |
| મેથી | ૭૦૦ | ૧૫૨૧ |
| મરચા | ૧૧૦૧ | ૪૯૦૧ |
| મગફળી જાડી | ૧૧૬૧ | ૧૭૫૧ |
| સફેદ ચણા | ૧૦૫૧ | ૧૭૬૧ |
| મગફળી નવી | ૧૧૮૧ | ૧૪૯૬ |
| ધાણી | ૧૮૦૧ | ૨૭૪૧ |
| ડુંગળી સફેદ | ૧૩૧ | ૨૩૮ |
| મગ | ૧૦૨૬ | ૧૭૫૧ |
| ચણા | ૧૦૨૧ | ૧૧૨૬ |
| સોયાબીન | ૧૨૫૧ | ૧૪૯૧ |
| ગોગળી | ૧૦૦૦ | ૧૩૩૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૨૦૦ | ૭૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૨૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૧૦૦૦ |
| કોબી | ૪૦ | ૨૪૦ |
| દુધી | ૪૦ | ૫૦૦ |
| ફ્લાવર | ૩૦ | ૪૦૦ |
| કાકડી | ૧૦૦ | ૬૦૦ |
| રીંગણા | ૨૦ | ૩૦૦ |
| ભીંડો | ૧૦૦ | ૫૦૦ |
| ગલકા | ૧૦૦ | ૪૦૦ |
| ગાજર | ૧૪૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૭૦૦ |
| વટાણા | ૧૩૮૦ | ૧૮૦૦ |
| શક્કરીયા | ૩૦૦ | ૫૦૦ |
| કેરી કાચી | ૨૦૦ | ૮૦૦ |
| બટેટા | ૧૮૦ | ૨૬૦ |
| તાંજરીયા પુરા | ૨ | ૭ |
| કોથમીર પુરા | ૨ | ૫ |
| ફોદીનો પુરા | ૨ | ૩ |
| ચૂરણ | ૭૮૦ | ૧૦૦૦ |
| પરવર | ૮૦૦ | ૧૦૦૦ |
| ગુંદા | ૩૦૦ | ૫૦૦ |
| ઘીસોડા | ૧૮૦ | ૮૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૨૪૦૦ |
| મેથી પુરા | ૨ | ૧૦ |
| બીટ પુરા | ૮ | ૧૨ |
| સરગવો પુરા | ૧૨ | ૨૫ |
| ચોરા | ૨૦૦ | ૧૦૦૦ |
| કારેલા | ૨૦૦ | ૬૦૦ |
| મગફળી લીલી | ૬૦૦ | ૯૦૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૨૦૦ |
| આદુ | ૨૦૦ | ૧૮૦૦ |
| ફણશી | ૧૬૦૦ | ૧૮૦૦ |
| પાલક પુરા | ૨ | ૭ |

| | | |
|---|---|---|
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૧૨૨૫ | ૧૩૪૫ |
| ગીરનાર શિંગ | ૧૩૭૫ | ૧૩૭૫ |
| શિંગ મોટી | ૧૦૦૦ | ૧૪૫૦ |
| શિંગ દાણા | ૧૪૯૦ | ૨૩૬૦ |
| શિંગ દાણા ફાડા | ૧૨૫૦ | ૧૯૧૦ |
| તલ સફેદ | ૧૨૦૦ | ૨૪૪૫ |
| તલ કાળા | ૨૩૦૦ | ૩૬૫૦ |
| તલ કાશમીરી | ૨૦૮૫ | ૨૨૨૦ |
| બાજરો | ૪૪૦ | ૪૫૫ |
| જુવાર | ૪૦૦ | ૮૩૦ |
| ઘઉં ટુકડા | ૪૧૦ | ૫૭૫ |
| ઘઉં લોકવન | ૩૦૦ | ૩૬૫ |
| મકાઇ | ૩૦૦ | ૩૬૫ |
| મગ | ૧૪૭૦ | ૧૭૮૦ |
| અડદ | ૧૦૨૦ | ૧૫૦૦ |
| ચણા | ૯૦૦ | ૧૧૧૦ |
| ચણા દેશી | ૧૦૮૫ | ૧૦૮૫ |
| સફેદ ચણા | ૧૦૩૫ | ૧૧૩૫ |
| વટાણા | ૪૧૦ | ૪૧૦ |
| તુવેર | ૮૭૦ | ૧૫૫૦ |
| વાલ | ૮૦૦ | ૧૭૫૦ |
| કપાસ | ૧૦૦૦ | ૨૦૨૫ |
| એરંડા | ૧૧૧૦ | ૧૨૮૫ |
| જીરુ | ૨૪૦૦ | ૩૬૯૦ |
| ધાણા | ૨૦૨૦ | ૨૩૨૫ |
| ધાણી | ૧૯૦૦ | ૨૪૮૦ |
| મેથી | ૮૮૦ | ૧૩૧૦ |
| સોયાબીન | ૯૦૦ | ૧૪૨૦ |
| વરીયાળી | ૧૧૦૦ | ૧૩૦૦ |
| કાંગ | ૪૦૦ | ૪૦૦ |
| કલોંજી | ૧૬૦૦ | ૩૨૬૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૬૦ | ૨૬૦ |
| રીંગણા | ૩૦૦ | ૬૦૦ |
| ફ્લાવર | ૨૫૦ | ૪૫૦ |
| કોબીજ | ૨૪૦ | ૩૫૦ |
| શકકરીયા | ૫૦૦ | ૬૦૦ |
| ટમેટાં | ૬૫૦ | ૭૦૦ |
| સુરણ | ૭૫૦ | ૯૪૦ |
| ગાજર | ૫૦૦ | ૬૦૦ |
| દુધી | ૨૧૦ | ૨૬૦ |
| કારેલા | ૪૦૦ | ૫૦૦ |
| ગલકા | ૨૨૦ | ૩૩૦ |
| ગુંદા | ૪૦૦ | ૬૦૦ |
| કાકડી | ૪૫૦ | ૫૫૦ |
| ગુવાર | ૬૦૦ | ૯૦૦ |
| કાચી કેરી | ૯૫૦ | ૧૦૧૦ |
| વટાણા | ૧૫૦૦ | ૧૬૦૦ |
| ચોળા લીલા | ૬૨૦ | ૭૩૦ |
| તુરીયા | ૫૦૦ | ૬૦૦ |
| પાકી કેરી | ૧૧૫૦ | ૨૧૦૦ |
| ગરમર | ૬૫૦ | ૮૩૦ |
| ભીંડો | ૪૦૦ | ૪૬૦ |
| આદુ | ૧૬૦૦ | ૨૧૦૦ |
| કોથમીર | ૫૦૦ | ૬૦૦ |
| મેથીભાજી | ૭૦૦ | ૮૦૦ |
| ફોદીનો | ૪૩૦ | ૫૬૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૭૦૦ |
| બીટ | ૩૫૦ | ૪૫૦ |
| સરગવો | ૫૫૦ | ૬૦૦ |
| લીમડો મીઠો | ૧૪૦ | ૨૨૦ |
| મરચાં લીલાં | ૬૦૦ | ૮૦૦ |
| ડુંગળી સુકી | ૧૨૦ | ૩૧૦ |
| લસણ સુકું | ૧૧૦૦ | ૨૦૫૦ |
| પાલક | ૫૦૦ | ૬૦૦ |
| લીંબુ | ૮૦૦ | ૧૫૦૦ |
| મકાઇ | ૨૨૦ | ૩૨૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૩૨૫ | ૧૬૮૫ |
| શીંગ મોટી | ૧૨૫૦ | ૧૪૫૦ |
| શીંગ નવી | ૧૨૫૦ | ૧૫૫૦ |
| તલ સફેદ | ૧૮૫૦ | ૨૬૦૦ |
| તલ કાળા | ૩૧૦૦ | ૩૫૧૧ |
| જીરૂ | ૩૩૦૦ | ૩૬૨૧ |
| કપાસ | ૧૬૦૦ | ૨૦૩૦ |
| ઘઉં લોકવન | ૪૧૫ | ૪૮૦ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૦૦ |
| બાજરો | ૪૧૫ | ૫૧૫ |
| જુવાર | ૭૦૦ | ૯૪૦ |
| મગ | ૧૫૫૦ | ૧૬૪૦ |
| અડદ | ૮૦૦ | ૧૨૦૦ |
| ચણા | ૧૦૮૦ | ૧૧૨૫ |
| દેશી ચણા | ૧૦૫૦ | ૧૧૫૦ |
| તુવેર | ૧૨૫૦ | ૧૪૫૦ |
| એરંડી | ૧૧૦૦ | ૧૨૨૦ |
| મેથી | ૧૨૦૦ | ૧૩૩૧ |
| ધાણા | ૧૬૫૦ | ૨૪૫૦ |
| સોયાબીન | ૧૧૦૦ | ૧૩૭૦ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૭૦૦ | ૨૦૬૦ |
| કપાસ મીડી. | ૧૫૯૦ | ૧૬૯૦ |
| મગફળી | ૧૨૬૫ | ૧૩૮૫ |
| તલ સફેદ | ૧૬૧૦ | ૨૧૬૦ |
| તલ કાળા | ૨૮૯૦ | ૩૩૩૦ |
| જીરૂ | ૨૮૭૦ | ૩૭૧૦ |
| ચણા | ૧૦૭૬ | ૧૧૦૦ |
| ઘઉં | ૪૮૦ | ૫૧૦ |
| એરંડા | ૧૦૬૫ | ૧૨૧૫ |
| મગ | ૧૪૨૦ | ૧૬૯૦ |
| તુવેર | ૧૧૫૦ | ૧૩૬૦ |
| ધાણા | ૧૫૮૦ | ૨૪૩૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૭૫૦ |
| ઘઉં લોકવન | ૪૧૪ | ૪૫૮ |
| ઘઉં ટુકડા | ૪૧૫ | ૪૪૬ |
| ચણા | ૮૫૦ | ૧૦૩૨ |
| ધાણા | ૧૮૯૦ | ૧૮૯૦ |
| ચણા છોલે | ૧૩૬૦ | ૧૩૬૦ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૧૦૫ |
| મગફળી | ૧૩૫૦ | ૧૩૫૦ |
| મેથી | ૧૨૦૦ | ૧૨૦૦ |
| સોયાબીન | ૧૩૫૦ | ૧૫૨૧ |
| શીંગફાડા | ૧૭૭૫ | ૧૭૭૫ |
| તુવેર | ૮૦૦ | ૧૨૩૫ |
| જુવાર | ૪૦૦ | ૪૦૦ |
| તલકાળા | ૧૭૭૦ | ૧૭૭૦ |
| **ધારી** | | |
| મગફળી | ૧૧૦૦ | ૧૨૭૫ |
| ઘઉં | ૪૧૫ | ૪૬૮ |
| ચણા | ૧૦૩૬ | ૧૦૪૫ |
| તુવેર | ૧૨૯૦ | ૧૩૦૦ |
| ધાણા | ૧૦૧૦ | ૨૫૦૦ |
| સફેદ ચણા | ૧૦૬૫ | ૧૦૬૫ |
| તલ | ૧૯૫૫ | ૨૦૯૧ |
| મગ | ૧૫૧૫ | ૧૬૦૦ |
| શીંગ ફાડા | ૧૫૯૦ | ૧૫૯૦ |
| શીંગ દાણા | ૧૦૦૦ | ૧૬૭૦ |
| જુવાર | ૫૭૧ | ૫૭૧ |
| બાજરો | ૩૭૬ | ૩૭૬ |
| મકાઈ | ૩૮૦ | ૩૮૦ |
| મેથી | ૧૦૮૦ | ૧૦૮૦ |
| સોયાબીન | ૧૧૦૦ | ૧૧૦૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૧૮૧ | ૧૯૨૧ |
| ઘઉં | ૩૫૧ | ૪૮૬ |
| બાજરો | ૩૫૧ | ૩૫૧ |
| જુવાર | ૫૦૦ | ૫૦૦ |
| મકાઇ | ૪૦૧ | ૫૨૬ |
| મગ | ૧૦૦૧ | ૧૬૮૬ |
| ચણા | ૭૦૧ | ૧૦૫૧ |
| અડદ | ૫૦૧ | ૧૩૯૧ |
| તુવેર | ૮૦૧ | ૧૪૭૬ |
| મગફળી | ૮૦૧ | ૧૪૩૧ |
| શિંગ ફાડા | ૧૨૫૧ | ૧૭૧૬ |
| તલ સફેદ | ૧૧૦૧ | ૨૨૫૧ |
| તલ કાળા | ૧૫૦૧ | ૩૩૪૧ |
| મેથી | ૫૦૧ | ૧૦૮૬ |
| ધાણા | ૧૦૦૧ | ૨૩૮૧ |
| કલોજી | ૧૦૩૧ | ૧૩૧૧ |
| સોયાબીન | ૯૦૧ | ૧૪૫૬ |
| **રાજુલા** | | |
| શીંગ | ૧૦૦૦ | ૧૫૭૦ |
| તલ સફેદ | ૧૬૦૧ | ૨૩૦૦ |
| તલ કાળા | ૨૩૦૧ | ૩૩૯૩ |
| કપાસ | ૮૦૦ | ૧૮૮૫ |
| બાજરો | ૩૧૫ | ૪૯૦ |
| ઘઉં ટુકડા | ૩૦૦ | ૫૫૭ |
| જુવાર | ૪૦૦ | ૯૮૯ |
| મગ | ૧૧૭૫ | ૧૬૭૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૫૦૧ |
| તુવેર | ૧૦૫૦ | ૧૧૯૦ |
| ચણા | ૫૦૦ | ૧૦૫૯ |
| એરંડી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| મેથી | ૧૨૪૧ | ૧૨૯૦ |
| રાય | ૧૩૦૦ | ૧૩૦૦ |
| અજમાં | ૧૫૦૧ | ૧૫૦૧ |
| **જામનગર** | | |
| જુવાર | ૭૦૦ | ૯૪૦ |
| બાજરો | ૪૦૦ | ૪૮૫ |
| ઘઉં | ૩૫૦ | ૫૩૫ |
| મગ | ૧૪૦૦ | ૧૭૯૦ |
| અડદ | ૧૨૭૦ | ૧૫૪૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૪૪૫ |
| ચોળી | ૭૧૦ | ૧૫૨૫ |
| મેથી | ૭૦૦ | ૧૪૨૦ |
| ચણા | ૯૮૦ | ૧૧૧૦ |
| મગફળી જીણી | ૧૦૫૦ | ૧૬૩૦ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૪૦૦ |
| એરંડા | ૧૧૫૦ | ૧૨૭૯ |
| તલ | ૧૧૦૦ | ૨૩૧૦ |
| તલ કાળા | ૨૦૦૦ | ૩૧૦૦ |
| રાયડો | ૧૧૫૦ | ૧૨૭૯ |
| રાય | ૧૨૦૦ | ૧૫૦૫ |
| લસણ | ૮૮૦ | ૧૭૯૦ |
| કપાસ | ૧૨૦૦ | ૨૦૦૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૮૬૫ |
| અજમો | ૧૫૭૫ | ૩૧૦૦ |
| અમજમાની ભૂસી | ૫૦ | ૨૨૦૦ |
| ધાણા | ૧૮૨૫ | ૨૫૩૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૦૫૫ |
| વટાણા | ૪૭૦ | ૭૨૦ |
| કલોંજી | ૧૦૦૦ | ૩૪૦૫ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૦૦૦ | ૧૫૫૬ |
| બાજરી હાઈબ્રીડ | ૩૧૧ | ૫૩૦ |
| ઘઉં | ૪૦૦ | ૪૭૮ |
| રાય | ૧૧૫૦ | ૧૩૨૫ |
| મેથી | ૧૦૪૦ | ૧૨૨૦ |
| જુવાર | ૭૦૦ | ૯૭૧ |
| મગ | ૧૫૩૦ | ૧૮૬૨ |
| સોયાબીન | ૧૧૭૦ | ૧૩૨૮ |



લાગે તો તીર : - બેરાલાલ આજે એક મોટી મૂંઝવણમાં આમથી તેમ ચક્કર મારી રહ્યા હતા
06

# ભારત પેટ્રોલ-ડીઝલની કરકસર કરી શકે ?



ભારતમાં પેટ્રોલ-ડીઝલનો વપરાશ કઈ રીતે ઘટે ?

આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોકોને પેટ્રોલ અને ડીઝલનો ઉપયોગ કરકસરથી કરવા કરેલી અપીલના કારણે આ મુદ્દો ચર્ચામાં છે. અમેરિકા અને ઈરાન વચ્ચેના યુધ્ધના કારણે સમગ્ર વિશ્વમાં ક્રુડ ઓઈલના પુરવઠાને અસર થઈ છે અને તમામ દેશોમાં પેટ્રોલ, ડીઝલ અને ગેસના ભાવ વધ્યા છે. ભારતમાં પણ લાંબા સમય સુધી સરકારે પેટ્રલ-ડીઝલના ભાવોમાં ફેરફાર ના કર્યો પછી અંતે ભાવ વધારવા પડ્યા છે.

અમેરિકા અને ઈરાનનું યુધ્ધ સમાપ્ત થયું નથી અને બંનેના આક્રમક વલણને જોતાં યુધ્ધ પાછું ભડકી શકે છે એ જોતાં ક્રુડના પુરવઠાને હજુ ગંભીર અસર થાય એવું બને. આ કારણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નાગરિકોને પેટ્રોલિયમ પેદાશોનો ઉપયોગ ઘટાડવા વિનંતી કરી એ સમયસરની છે અને સાવચેતીભરી પણ છે. ભારત દુનિયામાં સૌથી વધારે વસતી ધરાવતો દેશ હોવાથી ભારતની ક્રુડની જરૂરીયાત પણ વધારે છે. તેના કારણે યુધ્ધની અસર ભારત પર વધારે થાય તેથી ભારતે કરકસર કરવી જ જોઈએ પણ સવાલ એ છે કે, આ કરકસર થાય કઈ રીતે ?

■■■

ભારતને રોજ કેટલું પેટ્રોલ જોઈએ ?

ભારતની રોજની ક્રુડ ઓઈલની જરૂરીયાત લગભગ ૬૦ લાખ બેરલની છે. હમણાં આપણા વડાપ્રધાને નરેન્દ્ર મોદીએ યુએઈ સાથે ૩ કરોડ બેરલ ક્રુડના સ્ટોરેજ માટેના કરાર કર્યા. ૩ કરોડ બેરલનો આંકડો બહુ મોટો લાગે તેથી તેના કારણે આ કરાર બહુ મોટો લાગે પણ વાસ્તવમાં ૩ કરોડ બેરલ ક્રુડ તો ભારત ૫ દિવસમાં ફૂંકી મારે છે તેથી આ સ્ટોરેજથી મોટી રાહત ના થાય. ભારતને ક્રુડ સપ્લાય કરતા દસ-બાર દેશો આ રીતે ભારત માટે ક્રુડ સ્ટોરેજની વ્યવસ્થા કરે તો ભારતને બે મહિના ચાલે એટલો ક્રુડનો જથ્થો સંઘરવાની તાકાત મળે.

ઓછા ભાવે ક્રુડ ખરીદીને સંગ્રહ કરો તો આર્થિક ફાયદો પણ થાય પણ મિડલ ઈસ્ટના દેશોમાં ઓમાન સિવાયના દેશોમાંથી આવતું ક્રુડ હોર્મુઝની ખાડીમાંથી જ લાવવું પડે તેથી હોર્મુઝની ખાડી ના ખૂલે ત્યાં સુધી ફાયદો નથી. હોર્મુઝ ખૂલી જાય પછી તો જહાજો મારફતે પણ ક્રુડ મંગાવી શકાય. આ સંજોગોમાં સ્ટોરેજથી હાલ ફાયદો નથી પણ એ મુદ્દો અલગ છે. મૂળ મુદ્દો આપણી જરૂરીયાતનો છે તેથી તેની વાત કરીએ.

ભારતમાં વસતી સતત વધી રહી છે તેના કારણે ક્રુડની જરૂરીયાત પણ વધી રહી છે. ભારત પોતાની જરૂરીયાતના ક્રુડ ઓઈલમાંથી ૮૫ ટકા ક્રુડની આયાત કરે છે. એક નવા અહેવાલ પ્રમાણે તો આ પ્રમાણ વધીને ૮૮ ટકા થઈ ગયું છે. ભારત વાર્ષિક આશરે ૨૪ કરોડ મિલિયન મેટ્રિક ટન **(MMT)** ક્રુડની પ્રોસસ કરીને પેટ્રોલ, ડીઝલ. એર ટર્બાઈઊન ફ્યુઅલ (એટીએફ), કેરોસીન વગેરે બનાવે છે.

ક્રુડની આયાતા માટે ભારતે ૨૦૨૫-૨૬ના નાણાંકી વર્ષમાં ૧૨૩ અબજ ડોલર એટલે કે લગભગ ૧૧ લાખ કરોડ રૂપિયા ખર્ચ્યા છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રુડના ભાવમાં વધારો થવાથી આયાત બિલમાં વધારો થયો છે, સરેરાશ પ્રતિ બેરલ ભાવ વધી ગયા છે. એ જોતાં ચાલુ નાણાંકીય વર્ષમાં બિલ વધીને ૧૫ લાખ કરોડ રૂપિયા પર પહોંચી જશે એવું લાગે છે કેમ કે આ વરસે આયાત બિલ ૧૩૫ અબજ ડોલર થવાની અપેક્ષા છે. ડોલર સામે રૂપિયો તૂટીને ૧૦૦ની સપાટીની નજીક હોવાથી ભારત પર બોજ વધશે. અત્યારે સરકારની આવકના લગભગ ૨૦ ટકા ક્રુડ આયાતમાં જ ઉડી જાય છે.

■■■

ભારત પાસે ક્રુડ અને ગેસનો જંગી અનામત જથ્થો છે.

ભારત પાસે જમીનમાંથી બહાર કાઢેલા ક્રુડ ઓઈલનો જંગી જથ્થો છે. આ સિવાય ભારત પાસે પેટ્રોલીયમના જમીનમાં ધરબાયેલા બહુ મોટા વપરાયા વિનાના ભંડારો છે. પોતાના ભંડારો વાપરીને નવરા થઈ જવા કરતાં કોઈ વિકલ્પ ના બચે એ સમય માટે સંગ્રહ કરવાનો નિર્ણય શાણપણભર્યો છે. ભારત પાસે કુદરતી ગેસ પણ મોટા પ્રમાણમાં છે .



બ્રેકિંગ પોઈન્ટ
નેહા શર્મા

ભારત પાસે ૨૦૨૫ સુધીમાં ૫૦૦ કરોડ બેરલ ક્રુડનો જથ્થો હતો. અત્યારે ભારત પાસે લગભગ ૬૦૦ કરોડ બેરલ ક્રુડ હશે. આપણી રોજની ૬૦ લાખ બેરલની જરૂરીયાતને ધ્યાનમાં લઈએ તો પણ ૧૦૦૦ દિવસ એટલે કે અઢી વર્ષથી વધારે સમય સુધી ચાલે એટલાં ક્રુડ બેરલ આપણી પાસે પડ્યાં છે. ભારત પાસે રીફાઈનરીનું નેટવર્ક જોરદાર છે તેથી જરૂરીયાત પ્રમાણે પેટ્રોલ-ડીઝલ વગેરે મળ્યા કરે.

ભારત પાસે જમીનમાં ધરબાયેલો પેટ્રોલીયમ અને કુદરતી ગેસનો જથ્થો તો બહુ મોટો છે. ૩૧ માર્ચ ૨૦૧૮ સુધીના ડેટા પ્રમાણે, ભારતમાં ૬૦ કરોડ મેટ્રિક ટન **(Mt)** ક્રૂડ ઓઈલનો ભંડાર અને ૧૩૪૦ અબજ ઘન મીટર કુદરતી ગેસ **(BCM)** નો કુદરતી ગેસનો ભંડાર હોવાનો અંદાજ છે. એ પછી ક્રુડ કે ગેસના મોટા ભંડારો મળ્યા નથી તેથી અત્યારે કમ સે કમ આટલો જથ્થો તો ભારતની જમીનોમાં છે જ.

ભારતમાં કચ્છ, આંદામાન અને નિકોબાર ટાપુઓની આસપાસના સમુદ્રમાં, બંગાળના અખાતમાં તથા આંધ્રમાં કૃષ્ણા-ગોદાવરી બેઝિનમાં મોટા પ્રમાણમાં ઓઈલ-ગેસ મળ્યાં છે. ભારતની ત્રણ બાજુ દરિયો છે. આપણી પાસે ૫૬૦૦ કિલોમીટરની દરિયાઈ સીમા છે. આ વિસ્તારમાં જંગી પ્રમાણમાં ઓઈલ-ગેસ ધરબાયેલાં પડ્યાં છે.

આપણે આપણા ક્રુડ અને ગેસના જથ્થામાંથી ૭૫ ટકા જથ્થાને હજુ અડક્યા જ નથી. ભારત પાસે ૨૬ વિસ્તાર (બેઝિન) એવા છે કે જ્યાં જંગી પ્રમાણમાં પેટ્રોલીયમ અને કુદરતી ગેસ છે. ભારત અત્યારે માત્ર ૭ બેઝિનમાંથી ઓઈલ અને ગેસનું ઉત્પાદન કરે છે તેથી ૧૯ બેઝિન એવા છે કે જેનો આપણે ઉપયોગ જ કર્યો નથી. આ બેઝિનમાંથી ઓઈલ અને ગેસ કાઢવાનું શરૂ કરાય તો ત્રીસેક ટકા આયાત ઘટાડી શકાય એવું નિષ્ણાતો કહે છે. મતલબ કે આપણી જરૂરીયાતના પચાસેક ટકા ઓઈલની આપણે આયાત કરવી પડે. તેના કારણે આપણા પરથી આયાતનો મોટો બોજ ઘટી જાય પણ ભંડારો ખૂટવાનું શરૂ થાય એ જોતાં આયાત હમણાં ઘટાડવા જેવી નથી.

■■■

ભારત પાસે બીજા શું વિકલ્પો છે ?

ભારતે પેટ્રોલ-ડીઝલ પરની નિર્ભરતા ઘટાડવા માટે વૈકલ્પિક બળતણના વિકલ્પો અમલી બનાવવા પડે. મોદી સરકારે ૨૦૨૨ સુધીમાં ભારતની જરૂરીયાતના ક્રુડ ઓઈલમાંથી ૬૭ ટકાની જ આયાત કરવી પડે એવો ટાર્ગેટ નક્કી કરેલો પણ અસરકારક રીતે અમલ ના થઈ શકવાના કારણે ક્રુડની આયાત વધી છે. ૨૦૦૫માં આપણે કુલ જરૂરીયાતના ૭૭ ટકા ક્રુડની આયાત કરતા હતા. અત્યારે આ પ્રમાણ ૮૮ ટકા પર પહોંચ્યું છે તેમાં દેશની બચત મૂડી પેટ્રોલીયમની આયાતમાં વપરાઈ જાય છે અને બીજાં વિકાસ કામો માટે પૈસા જ બચતા નથી. વૈકલ્પિક બળતણનું પ્રમાણ વધારીને ક્રુડ ઓઈલની આયાત ઘટાડાય તો બચેલાં નાણાં વિકાસ પાછળ વાપરી શકાય.

ભારતમાં અત્યારે સીએનજી વાહનોમાં વૈકલ્પિક બળતણ તરીકે વ્યાપક રીતે ઉપયોગમાં લેવાય છે. ભારત પાસે કુદરતી ગેસ જંગી પ્રમાણમાં હોવાથી તેનું ઉત્પાદન વધે તો ક્રુડની આયાત ઘટે પણ તેના કરતાં અસરકારક વિકલ્પ બાયોફ્યુઅલ છે. પેટ્રોલ-ડીઝલ જેવું જ બાયોફ્યુઅલ ખાસ પ્રકારની વનસ્પતિનાં તેલ, રિસાઈકલ કરેલું ગ્રીસ, પ્રાણીઓની ચરબી ફેટ વગેરેની મદદથી બને છે. ભારતમાં ખેતી પ્રધાન દેશ હોવાથી બાયોફ્યુઅલનો વિકલ્પ બહેતર છે.

બીજો સારો વિકલ્પ સોલર સેલનો છે. ભારતમાં વરસના દસ મહિના મોટા પ્રમાણમાં સૂર્યપ્રકાશ મળે છે તેથી સોલર ટેકનોલોજીનો ઉપયોગ વધારીને પેટ્રોલીયમનો વપરાશ ઘટાડી શકીએ. ભારતે હાયબ્રિડ ટેકનોલોજી પર પણ ધ્યાન આપવું જરૂરી છે. સોલર સેલ, હાયડ્રોજન સેલ, ઈલેક્ટ્રિક બેટરી વગેરેનો ઉપયોગ કરીને પેટ્રોલનો ઉપયોગ ઘટાડી શકાય છે. ભારતમાં વીજળી ઉત્પન્ન માટે હજુય ડીઝલનો ઉપયોગ થાય છે. ન્યુક્લીયર ટેકનોલોજીનો ઉપયોગ વધારાય તો ડીઝલનો વપરાશ ઘટે ને ફાયદો થાય.

ભારતમાં આ વિકલ્પો અજમાવાય છે પણ તેનું પ્રમાણ નહિવત છે. હજુય પેટ્રોલ-ડીઝલ જ ભારતમાં મેઈન ફ્યુઅલ છે. આ સ્થિતી બદલવા વ્યાપક અભિયાન ચલાવવું પડે, કેટલાક આકરા નિર્ણયો પણ લેવા પડે. વસતી પર નિયંત્રણ અને પબ્લિક ટ્રાન્સપોર્ટેશનનો વધારે ઉપયોગ, સરકારી તંત્ર દ્વારા થતા પેટ્રોલ-ડીઝલના ધુમાડા પર અંકુશ. ઈલેક્ટ્રિક વાહનોનો મહત્તમ ઉપયોગ, સગીરો દ્વારા વાહનોના ઉપયોગ પર નિયંત્રણ સહિતના આકરા નિર્ણયો લેવાય તો પેટ્રોલ-ડીઝલ પરની નિર્ભરતા ઘટે અને દેશ પ્રગતિ પણ કરે. ■

# યહુદી ઇતિહાસ
## સિનેમા સફર




યહુદી સમુદાયનો ઈતિહાસ સંઘર્ષ, વેદના, અતૂટ શ્રદ્ધા અને પુનરુત્થાનની અદ્‌ભુત વાર્તાઓથી ભરેલો છે, જેને વૈશ્વિક સિનેમાએ હંમેશા ખૂબ જ સંવેદનશીલતા અને ઊંડાણપૂર્વક પડદા પર કંડાર્યો છે. હોલીવુડથી લઈને આંતરરાષ્ટ્રીય સિનેમા સુધી, યહુદી સંસ્કૃતિ અને ખાસ કરીને બીજા વિશ્વયુધ્ધ દરમિયાન થયેલા નરસંહાર (હોલોકોસ્ટ) પર બનેલી ફિલ્મોએ માનવ ઈતિહાસના સૌથી કાળા પ્રકરણોને દુનિયા સામે ઉજાગર કર્યા છે. આ ફિલ્મો માત્ર મનોરંજનનું સાધન નથી, પરંતુ તે ઈતિહાસના એવા દસ્તાવેજ છે જે માનવતા, ક્રૂરતા અને અસ્તિત્વ ટકાવી રાખવાની માનવીય જિજીવિષાને દર્શાવે છે. જ્યારે આપણે યહુદીઓ પર બનેલી શ્રેષ્ઠ ફિલ્મોની ચર્ચા કરીએ છીએ, ત્યારે દિગ્દર્શક સ્ટીવન સ્પીલબર્ગની માસ્ટરપીસ ફિલ્મ 'શિંડલર્સ લિસ્ટ' (**Schindler's List**) આપોઆપ મોખરે આવે છે. આ ફિલ્મ એક જર્મન ઉદ્યોગપતિ ઓસ્કાર શિંડલરની સત્ય ઘટના પર આધારિત છે, જેણે પોતાના જીવના જોખમે એક હજારથી વધુ યહુદીઓને નાઝીઓના મરણટોળામાંથી બચાવ્યા હતા. બ્લેક એન્ડ વ્હાઈટમાં શૂટ થયેલી આ ફિલ્મ યહુદીઓની પીડા અને રક્ષણની કરુણતાને અત્યંત સચોટ રીતે રજૂ કરે છે.

આવી જ એક બીજી હૃદયસ્પર્શી અને ઓસ્કાર વિજેતા ફિલ્મ છે 'ધ પિયાનિસ્ટ' (**The Pianist**), જે એક યહુદી પિયાનોવાદક વ્લાડિસ્લોવ સ્પીલમેનની સત્ય જીવનકથા પર આધારિત છે. વૉર્સોના ઘેટ્ટોમાં નાઝીઓના અત્યાચારો વચ્ચે એક કલાકાર કેવી રીતે ભૂખ, તરસ અને એકલતા સામે લડીને પોતાનો જીવ બચાવે છે, તેની આ રુંવાડા ઊભા કરી દે તેવી વાર્તા છે. સિનેમાએ માત્ર આ પીડાને જ નથી દર્શાવી, પરંતુ કટોકટીના સમયમાં પણ પ્રેમ અને સકારાત્મકતા કેવી રીતે જીવતી રાખી શકાય તે પણ શીખવ્યું છે. આનું ઉત્કૃષ્ટ ઉદાહરણ ઈટાલિયન ફિલ્મ 'લાઈફ ઈઝ બ્યુટીફુલ' (**Life is Beautiful**) છે. આ ફિલ્મમાં એક યહુદી પિતા કોન્સન્ટ્રેશન કેમ્પની ભયાનકતા વચ્ચે પોતાના નાના પુત્રને ડરથી બચાવવા માટે આખી પરિસ્થિતિને એક રમત તરીકે રજૂ કરે છે. હાસ્ય અને કરુણતાના અદ્‌ભુત મિશ્રણ વાળી આ ફિલ્મ દર્શકોની આંખોમાં આંસુ લાવી દે છે. આ ઉપરાંત, 'ધ બોય ઈન ધ સ્ટ્રાઈપ્ડ પાયજામાસ' (**The Boy in the Striped Pyjamas**) જેવી ફિલ્મો બે માસૂમ બાળકોની મિત્રતા દ્વારા હોલોકોસ્ટની ભયાનકતાને એક તદ્દન અલગ અને માસૂમ દ્રષ્ટિકોણથી રજૂ કરે છે, જે દર્શકોના દિલને હચમચાવી મૂકે છે.

જો કે, યહુદીઓ પર બનેલી ફિલ્મો માત્ર બીજા વિશ્વયુધ્ધ પૂરતી સીમિત નથી. હોલોકોસ્ટ પછીના સમયગાળા અને યહુદી ઓળખને સમજવા માટે પણ ઘણી મહત્વની ફિલ્મો બની છે. જેમ કે, 'મ્યુનિક' (**Munich**) ફિલ્મ ૧૯૭૨ના ઓલિમ્પિક દરમિયાન યહુદી ખેલાડીઓ પર થયેલા આતંકી હુમલા અને ત્યારબાદ ઈઝરાયેલી ગુપ્તચર એજન્સી મોસાદ દ્વારા લેવાયેલા બદલાની રોમાંચક વાર્તા કહે છે. તેમજ 'ફિડલર ઓન ધ રૂફ' (**Fiddler on the Roof**) જેવી ક્લાસિક મ્યુઝિકલ ફિલ્મ યહુદી પરંપરાઓ, સંસ્કૃતિ અને બદલાતા સમય સાથે તેમના અસ્તિત્વના સંઘર્ષને ખૂબ જ સુંદર રીતે સંગીતના માધ્યમથી રજૂ કરે છે. આ તમામ ફિલ્મો વૈશ્વિક સ્તરે એ સંદેશ આપે છે કે ગમે તેટલા અત્યાચારો છતાં પણ કોઈ સંસ્કૃતિ કે સમુદાયના આત્મવિશ્વાસને કચડી શકાતો નથી. સિનેમાના માધ્યમથી યહુદી ઈતિહાસની આ વાર્તાઓ આજે પણ નવી પેઢીને નફરત સામે પ્રેમ અને સહિષ્ણુતાનો પાઠ ભણાવવાનું કામ કરી રહી છે.

■

naranbaraiya277@gmail.com

# અમદાવાદમાં "વોઈસ ઓફ યુનિટી" પુસ્તકનું લોકાર્પણ...



બાલ ગંગાધર ટિળકે કહ્યું છે કે મને નર્કમાં પુસ્તકો મળશે તો હું ત્યાં આનંદથી રહી શકીશ..

અખંડ ભારતના સર્જક અને રાષ્ટ્ર ભક્તશ્રી સરદાર વલ્લભભાઈ પટેલ ×ન ભૂતો ન ભવિષ્યતિ' છે. કરમસદના કર્મયોગી વીર વલ્લભ વિશ્વના રાજકીય નકશામાં અજોડ સ્થાન ધરાવે છે.પ્રમાણિકતાનો પર્યાય અને રાષ્ટ્રભક્તિ જેના લોહીમાં વહી રહી છે તેવા સરદાર વલ્લભભાઈ પટેલ આ દેશનું ગૌરવ છે. સરદાર પટેલ માત્ર રાજકીય પુરુષ નહોતા પ્રખર રાષ્ટ્રભક્ત અને રાષ્ટ્રની ધરોહર હતા. ૪૩ વર્ષના રાજકારણમાં રાષ્ટ્ર સેવાનો પ્રકલ્પ સિધ્ધ કર્યો હોય તેવા મહાનાયક તરીકે સરદાર પટેલને વંદન કરું છું. તેમના વિશે અનેક સાહિત્ય લખાયુ છે અને સદીઓ સુધી લખાશે. ઈતિહાસ એ જ વ્યક્તિને યાદ કરે છે જેને રાષ્ટ્ર સેવા માટે પોતાની જાત ઘસી હોય. જેમની પાસે રોમન લો નું કાયદાકીય જ્ઞાન અને બાહોશ બેરિસ્ટર બનીને લક્ષ્મીપતિ બનવાની આવડત હોવા છતાં રાષ્ટ્ર સેવાને પ્રાધાન્ય આપી, દેશની આઝાદીમાં પોતાનું સમગ્ર જીવન વ્યતીત કર્યું હોય તેવા ગુર્જર પ્રદેશના સરદાર પટેલનું અસરકારક અને અભૂતપૂર્વ નેતૃત્વ આજે પણ યુવા વર્ગ માટે પ્રેરણા સ્ત્રોત છે.

લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલના જીવનકવન અને આધુનિક ભારતના નિર્માણમાં તેમના અતુલ્ય પ્રદાનને ઉજાગર કરતું પુસ્તક "**Voice of Unity – Sardar Vallabhbhai Patel and the Making of Modern India**"નું વિમોચન સમારોહ અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન (**AMA**) ખાતેના શ્રી એચ.ટી. પરેખ કન્વોકેશન સેન્ટર ખાતે અત્યંત ગૌરવપૂર્ણ માહોલમાં સંપન્ન થયો.આ ભગીરથ કાર્યનું આયોજન **Young India Research Foundation (YIRF), Dhimahi Foundation Trust ŒÚkk Young India Event & Protection Pvt. Ltd** દ્વારા સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું હતું.સંપાદકીય કૌશલ્ય અને સંશોધનનો સંગમ આ ઐતિહાસિક પુસ્તકના મુખ્ય સંપાદક તરીકે ડૉ. આશિષ પાટીવાલા (ડાયરેક્ટર, **YIRF**) અને શીતલ કોઈસા એ પાયાની ભૂમિકા ભજવી છે.



સામાજિક અને શૈક્ષણિક
ડો. વિપુલ.ડી. પટેલ
(આચાર્ય શ્રી ગાંધી વિદ્યાલય, અસારવા, અમદાવાદ)

પુસ્તકની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમાં દેશભરના ૨૫ જેટલા પ્રખર લેખકો અને વિદ્વાન સંશોધકો દ્વારા અલગ-અલગ ૨૫ પ્રકરણો (**Chapters**) લખવામાં આવ્યા છે. આ પ્રકરણોમાં સરદાર પટેલના માત્ર રાજકીય પાસાઓ જ નહીં, પરંતુ તેમના આર્થિક વિચારો, સામાજિક સમરસતા, વહીવટી કુશળતા અને રજવાડાઓના વિલીનીકરણની અદભૂત ગાથાનું ઊંડાણપૂર્વક વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

મહાનુભાવોના પ્રેરણાત્મક અને માર્ગદર્શન થકી આ કાર્યક્રમમાં ગુજરાત સરકારના માનનીય રાજ્યમંત્રીશ્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલાજી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.તેમણે પુસ્તકને આવકારતા જણાવ્યું કે, સરદાર સાહેબના વિચારો આજે પણ એટલા જ પ્રાસંગિક છે જેટલા આઝાદી સમયે હતા.મુખ્ય અતિથિ પદેથી વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના પ્રમુખશ્રી આર.પી. પટેલે યુવા પેઢીને સંબોધતા કહ્યું કે, "સરદાર પટેલએ માત્ર એક વ્યક્તિ નથી, પણ રાષ્ટ્રની એકતા અને શિસ્તનું જીવંત પ્રતિક છે. આ પુસ્તક યુવાનોમાં રાષ્ટ્રપ્રથમની ભાવના જગાડવાનું કામ કરશે."

વિશિષ્ટ અતિથિ શ્રી ડો.મફતભાઈ પટેલે (મેનેજિંગ ટ્રસ્ટી, અચલા એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ) આજના સમયમાં સામાજિક એકતાની અનિવાર્યતા પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું હતું કે સરદાર પટેલ એટલે યુનિટી. કાર્યક્રમમાં આધ્યાત્મિક ચેતના જગાવતા ઓમગુરુ સદગુરુ ઓમૃષિદ (સ્થાપક, ઓમકાર ફાઉન્ડેશન) એ ત્રણ પી સરદાર પટેલમાંથી ગ્રહણ કરવાની જરૂર છે પાવર, પરફેક્ટ અને પરિવર્તન આ બાબતો યુવાનોએ જીવનમાં ઉતારવાની જરૂર છે. સામાજિક અગ્રણી શ્રીમતી સુરેખાબેન પ્રકાશભાઈ શાહ (પ્રમુખ, સર્વોદય પરિવાર ટ્રસ્ટ, પિંડવાળ)ની ઉપસ્થિતિએ સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. તેમને કહ્યું હતું કે સરદાર સાહેબમાં સર્વોદય વિચાર અને સામાજિક સમરસતા તેમજ રાષ્ટ્ર એકતાની શ્રેષ્ઠ ભાવના આજે પણ દેખાઈ રહી છે.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત વક્તાઓએ પુસ્તકની વિગતો આપતા જણાવ્યું હતું કે, "**Voice of Unity**" દ્વારા સરદાર સાહેબના દૃઢ મનોબળ અને ભારતને એકસૂત્રે બાંધવાના ભગીરથ પ્રયાસોને વિગતે રજૂ કરવામાં આવ્યા છે.૨૫ લેખકોની કલમે લખાયેલું આ પુસ્તક સંશોધકો માટે એક સંદર્ભ ગ્રંથ (**Reference Book**) તરીકે ઉપયોગી સાબિત થશે.કાર્યક્રમની ફળશ્રુતિ અમદાવાદના શિક્ષણવિદો, વિવિધ યુનિવર્સિટીના કુલપતિઓ, સામાજિક કાર્યકરો અને યુવાનોની હાજરીમાં આ કાર્યક્રમ 'અખંડ ભારત'ના નાદ સાથે ગુંજી ઉઠ્યો હતો. કાર્યક્રમના અંતે આયોજકોએ આભાર વિધિ કરતા જણાવ્યું હતું કે,આ પુસ્તક માત્ર લાયબ્રેરીની શોભા નહીં બને, પણ તેના વિચારો જન-જન સુધી પહોંચે તેવા પ્રયાસો કરવામાં આવશે.

સરદાર પટેલ વિશે લખવું એટલે લોઢાના ચણા ચાવવા બરાબર છે. સરદાર પટેલે રાષ્ટ્ર સેવાના રચનાત્મક અને સામાજિક સેવાકીય અનેક કાર્યો કર્યા છે. જેનો ઈતિહાસ અમર છે. દીર્ઘદ્રષ્ટા અને અખંડ ભારતના સર્જકની ભૂમિકા ઈતિહાસમાં કંડારાઈ ગયેલી છે. સરદાર પટેલે ખેડા,બોરસદ અને બારડોલી સત્યાગ્રહમાં નેતૃત્વ પ્રદાન કરેલ છે. લોકજાગૃતિ થકી આઝાદી તે તેમનો મુખ્ય હેતુ રહ્યો છે.ત્રીજા ભાગની જીંદગી જેલની કોટડીમાં જીવનાર એક જ પરિવારના ત્રણ વ્યક્તિઓ વલ્લભભાઈ, વિઠ્ઠલભાઈ અને દીકરી મણીભાઈ આ રાષ્ટ્રનું ગૌરવ છે. દેશ આઝાદ થયો તે સમયે ૫૬૨ વિભિન્ન પ્રાંતમાં વહેંચાયેલા દેશી રજવાડાઓનું એકીકરણએ તેમનું સૌથી મોટી સિધ્ધિ ગણાય છે. દેશ આઝાદ થયા પછી પ્રથમ ગૃહપ્રધાન તરીકે ઈન્ડિયન સિવિલ સર્વિસ માટે વિરોધ વચ્ચે પાર્લામેન્ટમાં બિલ પસાર કરાવનાર જો કોઈ હોય તો તે સરદાર પટેલ છે. નેહરુના વિરોધ વચ્ચે ઈન્ડિયન સિવિલ સર્વિસ દેશમાં જોઈશે જ? આવા દ્રઢ સંકલ્પ કરનાર સરદાર પટેલ દીર્ઘદ્રષ્ટતા રહ્યા. ત્યાગ અને સેવાના પ્રકલ્પને સાર્થક કરનાર સરદાર પટેલના પુસ્તક "વોઈસ ઓફ યુનિટી" વાચક વર્ગને તેમના કાર્યોની ઉર્જા પ્રદાન કરશે. સરદાર પટેલ તો આ રાષ્ટ્રની અસ્મિતા રહ્યા છે. યુવા પેઢી માટે આ પુસ્તક સોનામાં સુગંધ ભરશે. ડો. આશિષ પાટીવાળા અને શીતલ મેડમ થકી આ પુસ્તક સંપાદન કરવાનો પ્રયાસ કર્યો છે તે શુભેચ્છાને પાત્ર છે. આ પુસ્તકમાં લેખક તરીકે મને તક આપી તે બદલ સમગ્ર ટીમને શુભેચ્છા પાઠવું છું.સરદાર પટેલ ભાવિ પેઢીની પ્રેરણામૂર્તિ છે. જય સરદાર જય સરદાર.. ■ Mo.9825702282

# ખીચડી એક પ્રાચિન અને પૌષ્ટિક ખોરાક



સામાન્ય રીતે લોકો ચોખા સાથે મગની દાળ ભેળવીને ખીચડી બનાવે છે. પરંતુ મગની દાળને બદલે અન્ય અનેક પ્રકારની દાળો ચોખા સાથે ભેળવવામાં આવે છે. મગ, મસૂર,અડદ,ચણા,વટાણા, તુવેર વગેરે સર્વ પ્રકારની દાળની ખીચડી બનાવવામાં આવે છે. પરંતુ ચોખા બધામાં સામાન્ય છે. બે દાળ ભેગી કરવાથી ખીચડી બનતી નથી, ચોખા અને દાળને ભેગાં કરીને જ ખીચડી બનાવાય છે.

મગ, મઠ, અડદ વગેરેની દાળ અને ચોખા પહેલેથી જ ભેગા કરીને આંધણમાં ઓરવામાં આવે છે જ્યારે તુવેર, ચણા, વટાણા વગેરેને ચઢતા વાર લાગે છે તેથી તે પહેલાં ઓરવામાં આવે છે અને તે થોડા ચઢે પછી ચોખા ઓરવામાં આવે છે.

ખીચડી ત્રણ પ્રકારની બનાવવામાં આવે છે. ઢીલી, ઘટ્ટ અને દાણાદાર અથવા છુટ્ટી . જેવી બનાવવી હોય તેવા પ્રમાણમાં આંધણ મૂકવામાં વધારે પાણીથી ઢીલી ખીચડી બને છે. સામાન્યથી ઘાટી અને માપના પાણીથી ઢીલી ખીચડી બને છે. સામાન્યથી ધાટી અને માપના પાણીથી છૂટ્ટી.



વૈવિધ્ય
ડો. હેમાંગી ડી. મહેતા,
એસોસિયેટ પ્રોફેસર, વિષય નિષ્ણાંત
ચિલ્ડ્રન્સ રસર્ચ યુનિવર્સીટી, ગાંધીનગર

ખીચડી પ્રમાણમાં શુષ્ક હોય છે તેથી ખીચડીમાં વધુ ઘી ખાવાનું પ્રચલન છે.ઘી ઓછું ખવાય તો ખીચડી ખાઈને તરસ વધારે લાગે છે.

ખીચડી સાથે દહીં, પાપડ, ઘી, આચાર ખાવાથી ખીચડીની સ્વાદિષ્ટ લાગે છે.

સ્વાસ્થ્ય સારૂ હોય ત્યારે તથા માંદગી હોય ત્યારે પણ સાદી ખીચડી પોષણ આપે છે. ખીચડી સ્વાદિષ્ટ અને સુપાચ્ય બંન્ને હોય છે.

સાજા માણસો માટે મિક્સ વેજિટેબલ ખીચડી, તુવેરદાળની મસાલાવાળી ખીચડી લોકો વધુ બનાવતા હોય છે. ખીચડી સામાન્ય રીતે ચોખાની બનાવાય છે. પરંતુ તેની વિવિધતા અનુસાર દલિયાની એટલેકે ઘઉંના ફાડાની, બાજરીની, જુવારની, મકાઈની પણ ખીચડી બનાવાય છે. ઉપવાસમાં સાબુદાણાની, મોરૈયાની, સામાની ખીચડી બનાવાય છે.

માંદા માણસો જેવાકે, વાત અને કફના રોગી માટે લવિંગના વધારવાળી, પિતના રોગીને ધાણાના વધારવાળી, મેદના રોગીને એલચી વાળી અને ભોજનમાં રૂચિ ન રહી હોય એવાના માટે જીરાના વધાર વાળી ઢીલી ખીચડી જમવામાં સારી રહે છે. આમ, ખીચડી એક પૌષ્ટિક આહાર છે. ■ hemangidmehta@gmail.com

# બેરાલાલ આજે એક મોટી મૂંઝવણમાં આમથી તેમ ચક્કર મારી રહ્યા હતાં



બેરાલાલ આજે એક મોટી મૂંઝવણમાં આમથી તેમ ચક્કર મારી રહ્યા હતાં. ગરમી કહે મારું કામ. એમા'ય આપણાં અંબાલાલે વધારે ડરાવી દીધાં. 'બપોરે અગિયાર થી સાંજે પાંચ સુધી ઘરની બહાર નો નિકળવું' આવું ફરમાન ટી.વી.વાળાએ બહાર પાડી દીધું છે. હવે મારે કરવું તો કરવું શું?

બનેવીલાલના ધ્યાને આ ગરમા ગરમ હરક્ત આવી.

"કેમ? બેરાલાલ કાંઈ અહક જેવું લાગે છે? ગેસ થયો છે? ઉનાળામાં તીખું તળેલું નો ખવાય!! પછી અહક જ થાય ને!!"

"તમને કોણે કીધું કે મેં તીખું તળેલું ખાધું છે?"

"તમારી હાલતે કીધું. તમને ક્યાંય હખ નથી. શેરીના કૂતરાં'ય ઝપ ખાયને બેવડ વળી ગયાં છે. અને તમે આમ થી તેમ આંટા મારો છો. શું ખરાં બપોરે વોકિંગ કરો છો!??"

"વોકિંગ બોકિંગ ઈ હંધૂય પૈસાવાળાનો ખેલ છે. અમ જેવાં ગરીબ માણસોને શું વોકિંગ હોય? આખો દિવસ વોકિંગ જ હાલે છે."

"તો પછી આખરે વાત શું છે? કાંઈક તો ગરબડ છે જ !!"

"બનેવીલાલ! મને હમજાતું નથી કે, મારે શું કરવું જોઈએ? એક બાજું આ લગનની સિઝન હાલે છે. અને એક બાજું આ કાળો તડકો."

"હા પણ, લગન તો શિયાળામાં'ય થાય ને!! અને આ ઉંમરે હવે તમારે લગન કરવાં છે? "

બનેવીલાલ તમે ભારે ઉતાવળા. મારાં લગનની વાત નથી. છોકરાનાં લગનની વાત છે."



લાગે તો તીર..
કાળુભાઇ ભાડ

"તંઈ એમ કો ને !! પણ, લગનની ચિંતા કેમ છે? લોકોનાં લગન થાતાં નથી એટલે ચિંતા કરે છે.અને તમારે લગન હામેથી આવે છે, તો કરી નાંખો !! કાં છોકરીવાળાને શિયાળા સુધી ખમાડી દો."

"એ જ તો મોં કાણ છે ને!! છોકરીવાળા ઉતાવળ કરે છે. માનતાં જ નથી. હાં નહીંતર નાં. લગન તો અમારાં રિવાજ પ્રમાણે ઉનાળામાં જ થાહે."

"એટલે તમે વેવાઈ ગુજરાતને છેવાડે ગોત્યા છે?"

"હા..આ..!! આપણો કાંઈ મેળ પડવો જોઈએ ને !! છેવટે ઈ તો ઈ ઘર તો બંધાય જાહે. અને આપણી એક ઉપાધી ઓછી. આગે આગે ગોરખ જાગે."

"તો પછી, વાંધો શું છે? ઘરવાળી નથી માનતી?"

"ઈ બચાડી હું બોલે!!? તમે કરો ઈ કબુલ."

"તો પછી, પૈસાની તકલીફ છે? કે ભાઈ આડો હાલે છે?"

"ના..આ..!! પૈસા તો આ ઘડીએ બોસ પાંહેથી વ્યાજે લઈ લઈએ. પછી મોસમે આપી દેવાહેં. ખાડો હશે તો પુરવા 'ય થાહે."

"તો પછી, વાંધો શું છે? કરો કંકુના!! જાન જોડીને ઉપડો વર પૈણાવવા. તડકો તો તડકો."

"વાંધો ઈ ય નથી. અમે તો તડકામાં તો શું કાળી રાતે'ય પૈણાવવા તૈયાર છીએ."

"તો પછી ખરો વાંધો હું છે!?? છોકરો ના પાડે છે?"

"ના..આ..ભાઈ! છોકરો તો કહ્યાગરો છે."

"તો છોકરી ના પાડે છે?"

"છોકરીને'ય વાંધો નથી."

"તો પછી, બેરાલાલ! આ તમે નવું લાયા. કોઈને કાંઈ વાંધો નથી તો પછી, વાંધો ક્યાં છે? "

"વાંધો કંકોત્રીનો છે."

"લો કરો લો બાત!! કંકોત્રીનો વાંધો હોય તો, કંકોત્રી નો છપાવાય."

"કંકોત્રી છપાઈ ગઈ છે, ઈ તો મોટો વાંધો છે."

"બેરાલાલ હવે આ વાંધામાં શું વાંધો છે? કંકોત્રી છપાઈ ગઈ, ઈ તો હારી વાત કહેવાય ! કંકોત્રી છપાઈ જાય એટલે નાનાં મોટાં વિઘન નો આવે. અને આવે તો એને ગણકારાય નહીં. તમ તમારે ઢોલની બહબહાટી બોલાવો!!"

"ઈ જ તો મોટો વાંધો ઉભો થયો ને!! બહબહાટી બોલાવવાની ના આવી છે."

"અરે બેરાલાલ ! આ ક્યાં કોરોના પિરિયડ છે. કોરોનામા 'ય લોકોએ લગનમાં બહબહાટી બોલાવી જ થી !! આ તો હારો સમય છે."

"સમય હારો છે. પણ, માણસ તો ઈ જ છે ને !!?"

"હું કાંઈ હમજયો નહીં!! તમે કે 'વા હું માંગો છો?"

"આપણાં મોદી સાહેબ!! એમણે હમણાં વધારાનાં ખરસા કરવાની ના પાડી છે."

"તો તમે ખોટાં ખર્ચા નો કરો. લગન તો હાદાઈથી થાય ને!!?"

"તમે બનેવીલાલ હજીય નો હમજયા. મોદી સરકારે એક વરસ સુધી સોનું ખરીદવાની ના પાડી છે."

"તો..ઓ..! તમારે સોનું નો ખરીદવું, એમાં ક્યાં મોટી વાત કે વાંધો છે!??"

"ઈ જ તો મોટો વાંધો છે?"

"હજીય મને હમજણનો ટપ્પો નો પડયો હોં."

"બનેવીલાલ! મોદી સાહેબે સોનું ખરીદવાની ના પાડી છે ને !?"

"તો તમારે ક્યાં સોનું ખરીદવું છે?"

"સોનું હારે તો લગન છે. અને મોદી સાહેબે સોનું ખરીદવાની નાં પાડી છે."

"હા,પણ.. તમારે ક્યાં સોનુંને ખરીદવી છે !? સોનું હારે લગન જ કરવાં છે ને!!??" " ઈ તો મોટી મોં 'કાણ છે. ખરો વાંધો તો ન્યા જ છે. આપણે તો હંધાય કરે એમ, સોનું ને દલાલ દ્વારા ખરીદી છે . અને અનુભવી મોદી સાહેબે એક વરસ સુધી સોનું ખરીદવાની ના પાડી છે. હવે હું કરવું ઈ જ હમજાતું નથી. " ■ kalubhaibhad123@gmail.com

# ધો.૧૨ પાસ પછી બનો શિક્ષક



જો તમને બાળકોને ભણાવવાનો શોખ હોય અને સમાજમાં એક આદરણીય સ્થાન મેળવવા માગતા હોવ, તો PTC (Primary Training Certificate) એ તમારા માટે સારો વિકલ્પ છે. ઉચ્ચ શિક્ષણની સાથે સાથે વ્યવસાયિક તાલીમ પણ યુવાનોમાં ખૂબ જ લોકપ્રિય બની છે, અને PTC એ પ્રાથમિક શિક્ષણના ક્ષેત્રમાં એક મજબૂત પાયો પૂરો પાડે છે.

ગુજરાતમાં પ્રાથમિક શાળાઓ ઘણી મોટી સંખ્યામાં ઉપલબ્ધ છે અને અહીં સરકારી તેમજ ખાનગી એમ બંને પ્રકારની PTC (જેને હવે D.El.Ed તરીકે ઓળખે છે) કોલેજો મોટી સંખ્યામાં આવેલી છે. જો તમે ૧૨મું ધોરણ પાસ કર્યા પછી લાંબો સમય ભણ્યા વિના માત્ર ૨ વર્ષમાં શિક્ષક બની ઝડપથી નોકરી મેળવવા માગતા હો, કે શિક્ષણ ક્ષેત્રે યોગદાન આપવા માગતા હો, તો PTC તમારા માટે એક શ્રેષ્ઠ અને સરળ વિકલ્પ છે.

- PTC એટલે શું, પ્રવેશ પ્રક્રિયા, લાયકાત, ફી માળખું, અભ્યાસક્રમ, સરકારી નોકરીની તક, પગાર અને PTC પછીના ઉચ્ચ અભ્યાસના વિકલ્પ વિશે જાણીએ.

- કોર્સ : PTC (હાલ D.El.Edના નામે ઓળખાય છે)
- સ્તર : ડિપ્લોમા
- ઉદ્દેશ : પ્રાથમિક શાળાના શિક્ષક બનવાની તાલીમ
- લાયકાત : ધો.૧૨ પાસ (કોઈપણ પ્રવાહ)
- PTC Course શું છે?

PTC એટલે પ્રાઈમરી ટ્રેનિંગ સર્ટિફિકેટ એક એવો વ્યવસાયિક કોર્સ છે. જે ખાસ કરી એવા વિદ્યાર્થીઓ માટે બનાવ્યો છે. જેઓ નાનાં બાળકોને ભણાવવા માગે છે અને શિક્ષણ ક્ષેત્રે કેરિયર બનાવવા માગે છે. આ કોર્સમાં વિદ્યાર્થીઓને નાના બાળકોના મનોવિજ્ઞાન, ભણાવવાની પધ્ધતિ અને શાળા સંચાલન વિશે વિગતવાર ભણાવાય છે.

આજે જ્યારે શિક્ષણનું સ્તર સુધરી રહ્યું છે, ત્યારે PTC શિક્ષકોની માગ ખૂબ વધી છે. આ કોર્સ કર્યા પછી તમે ધો.૧થી ૫માં સરકારી કે ખાનગી શાળામાં વિદ્યાસહાયક કે પ્રાથમિક શિક્ષકની નોકરી કરી શકો છો.

- PTCનો અર્થ

PTCનું આખું નામ પ્રાયમરી ટ્રેનિંગ સર્ટિફિકેટ છે. ગુજરાતીમાં આનો અર્થ 'પ્રાથમિક શિક્ષણ તાલીમ પ્રમાણપત્ર' થાય છે. જોકે, હાલ રાષ્ટ્રીય સ્તરે આ કોર્સનું નામ બદલીને D.El.Ed (ડિપ્લોમા ઈન એલિમેન્ટરી એજ્યુકેશન) કરાયું છે.

- PTC કોર્સનો સમયગાળો : આ કોર્સનો સમયગાળો ૨ વર્ષનો છે. આ ૨ વર્ષ દરમિયાન વિદ્યાર્થીને ક્લાસરૂમમાં ભણાવવાની સાથે અલગ-અલગ શાળામાં જઈ ઈન્ટર્નશિપ એટલે કે પ્રત્યક્ષ અનુભવ લેવાનો હોય છે.

આ કોર્સમાં સેમેસ્ટર સિસ્ટમ કે વાર્ષિક પરીક્ષા પધ્ધતિ હોય છે. દરેક વર્ષમાં થીયરીની સાથે પ્રેક્ટિકલ પરીક્ષા, લેસન પ્લાનિંગ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિનો સમાવેશ થાય છે, જેથી તમે સંપૂર્ણ શિક્ષક બની શકો.

- પ્રવેશ પ્રક્રિયા : જો તમે ધો. ૧૨ (HSC) પાસ કરેલું હોય તો PTCમાં એડમિશન લઈ શકો. તમે વિજ્ઞાન, વાણિજ્ય કે આર્ટસના કોઈપણ પ્રવાહમાં ધો.૧૨ પાસ કર્યું હોય તો તમે આ કોર્સ કરી શકો છો. ગુજરાતમાં PTCમાં એડમિશન પ્રક્રિયા મેરિટ આધારે થાય છે. જ્યારે ધો.૧૨નું રિઝલ્ટ આવે, ત્યારે ઓનલાઈન એડમિશન ફોર્મ બહાર પડે છે. વિદ્યાર્થીઓએ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવા ડોક્યુમેન્ટ્સ અપલોડ કરવાના હોય છે.

ધો.૧૨ની ટકાવારીના આધારે તૈયાર કરેલા લિસ્ટ મુજબ નજીકની કોલેજમાં એડમિશન મળે છે. કેટલીક ખાનગી કોલેજો પણ એડમિશન આપે છે, પરંતુ સરકારી સીટ માટે મેરિટમાં આવવું જરૂરી છે.



કેરિયર
તૃપ્તિ જી. દવે

- એડમિશન લેવા માટે આ પ્રક્રિયા કરવી પડે છે : (૧) ઓનલાઈન રજીસ્ટ્રેશન (૨) ડોક્યુમેન્ટ વેરિફિકેશન (૩) મેરિટ લિસ્ટ જાહેર (૪) કોલેજની પસંદગી (૫) ફી ભરી એડમિશન કન્ફર્મ કરવું

ગુજરાતના દરેક જિલ્લામાં એક સરકારી તાલીમ ભવન હોય છે, જે DIET તરીકે ઓળખાય છે. અહીં મુખ્ય શહેરોની DIET કોલેજોની માહિતી છે:

(૧) અમદાવાદ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, રાયખડ, અમદાવાદ (૨) રાજકોટ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન જામનગર રોડ, રાજકોટ (૩) સુરત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અડાજણ, સુરત (૪) વડોદરા જિલ્લાશિક્ષણઅનેતાલીમ ભવન, ટીચર્સ ટ્રેનિંગ કોલેજ કેમ્પસ, વડોદરા (૫) ભાવનગર જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન વિદ્યાનગર, ભાવનગર

- PTC એડમિશન માટે જરૂરી દસ્તાવેજ

ઓનલાઈન ફોર્મ ભરતી વખતે અને વેરિફિકેશન વખતે આ ઓરિજિનલ ડોક્યુમેન્ટ સ્કેન કરવા પડે છે (ક્રમશ:) ■ sanjogpurti@gmail.com

# દડો ગબડ્યો !



એક હતો લાલ-ચટક ગોળ-મટોળ દડો. એનું નામ હતું ગોલુ. ગોલુને એક જગ્યાએ બેસી રહેવું જરાય ગમે નહીં. એને તો બસ કૂદવું અને ગબડવું બહુ ગમે!

એક દિવસ સવાર-સવારમાં મીંટુ એના આંગણામાં ગોલુ સાથે રમતો હતો. મીંટુએ હળવેકથી લાત મારી અને બોલ્યો, "જા ગોલુ, દોડ!" ગોલુ તો રાજીના રેડ થઈ ગયો! એણે તો લગાવી દોડ.

ટપ્પ... ટપ્પ... ટપ્પ... કરતો ગોલુ ગબડ્યો.

ગબડતાં ગબડતાં ગોલુ પહોંચ્યો બગીચામાં. ત્યાં એક જાડુંપાડું ગલુડિયું ઊંઘતું હતું. ગોલુ તો સીધો જઈને ગલુડિયાના નાક પર અથડાયો! ગલુડિયું ચમકીને જાગી ગયું - 'ભઉં... ભઉં...!' ગલુડિયાને લાગ્યું કે આ કોઈ ખાવાની વસ્તુ આવી. એણે તો દડા પાછળ દોટ મૂકી.

ગોલુ ગબડતો ગબડતો આગળ વધ્યો. સામે આવ્યું એક નાનું તળાવ. તળાવમાં બતકડું તરતું હતું. છબબબપ કરતો ગોલુ પાણીમાં જઈને પડ્યો!



રે વાર્તા!
મનીષ સુથાર

અચાનક પાણીમાં ઊછળકૂદ થતી જોઈ બતકડું તો ડરી ગયું, "ક્વેક... ક્વેક... આ શું પડ્યું?"

ગોલુ કહે, "એ તો હું ગોલું! હું તો દડો છું, ગોળ ગોળ દડો છું!"

પણ દડો કાંઈ પાણીમાં રહે ખરો! એ તો તરતો તરતો કિનારે આવીન ગયો અને ભસર નીકળી ગયો. હવે ગોલુ થોડો ભીનો થયો હતો, એટલે ગબડતી વખતે અવાજ આવતો હતો - 'લિપિચ... લિપિચપ'

ગબડતો ગબડતો તે બગીચામાં પહોંચ્યો. અહીં એક મોટું ઝાડ હતું. ઝાડ પર ખટપટ વાંદરો બેઠો હતો. એણે જોયું કે નીચે લાલ-લાલ કાંઈક ગબડે છે. એને લાગ્યું કે આ તો મોટું સફરજન છે! વાંદરાભાઈ તો નીચે કૂદ્યા અને દડાને પકડવા ગયા. પણ જેવો એણે ગોલુને હાથ અડાડ્યો કે ગોલુ તો હાથમાંથી લપસી ગયો! વાંદરાભાઈ તો જોતા જ રહી ગયા. ગોલુ હસવા લાગ્યો, "પકડી ના શક્યા ભાઈ પકડી ના શક્યા!"

ગોલુ હવે ગબડી ગબડીને થાક્યો હતો. રસ્તામાં એક દાદીમાં શાકભાજીની ટોપલી લઈને બેઠાં હતાં. ટોપલીમાં રીંગણ, બટાકા અને લાલ-લાલ ટામેટા હતાં. ગોલુએ જોયું, "અરે! આ બધાં તો મારા જેવાં ગોળ-ગોળ છે! લાવ હું એમની વચ્ચે જઈને બેસી જાઉં!"

ગોલુએ લાંબી ફલાંગ લગાવી અને સીધો દાદીની ટોપલીમાં જઈને બેસી ગયો. ટામેટાની બાજુમાં ગોલુ એવી રીતે ગોઠવાઈ ગયો કે દાદીને ખબર જ ના પડી!

થોડી વારમાં મીંટુ શોધતો શોધતો ત્યાં આવી ચડ્યો. એણે જોયું કે ગોલુ ટામેટાની વચ્ચે છૂપાઈને બેઠો છે અને મીંટુને જોઈને મલકાતો હતો. પોતાના મિત્ર ગોલુને જોઈ તે રાજીરાજી થઈ ગયો. એણે તરત બૂમ પાડી, "અરે આ તો મારો ગોલુ! ગોલું તું તો અહીં ટોપલીમાં ખરો છૂપાયો છે ને! હું તને ક્યારનોય શોધું છું! ચાલ, મારી સાથે!" એણે ગોલુને પકડ્યો અને લઈ ગયો. ગોલુ પણ પોતાના મિત્રને જોઈ મરકમરક હસવા લાગ્યો. ■ Mo 9099172177

આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ "ા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

# અમરેલી જિલ્લાની ૬ નગરપાલિકામાં હોદેદારોની વરણી

## અમરેલી પાલિકાના પ્રમુખ તરીકે વૈશાલીબેન માંગરોળીયાની વરણી

અમરેલી,તા.૧૯

અમરેલીમાં તાજેતરમાં જ નગરપાલિકાના નવા હોદ્દેદારોની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. આ નવી વરણી અંતર્ગત પ્રમુખ તરીકે વૈશાલીબેન માંગરોળીયા અને ઉપપ્રમુખ તરીકે વિરલ પોપટની પસંદગી કરવામાં આવી છે. આ ઉપરાંત, નગરપાલિકાની મહત્વની ગણાતી કારોબારી સમિતિના ચેરમેન તરીકે



મૌલિક ઉપાધ્યાય,પક્ષના નેતા તરીકે સંગીતાબેન ચાવડા અને દંડક તરીકે દિલુભાઈ વાળાની નિમણૂંક કરવામાં આવી છે. આ તમામ નવ નિયુક્ત હોદ્દેદારોને શહેર ભાજપના વરિષ્ઠ આગેવાનો અને કાર્યકરો દ્વારા મોં મીઠું કરાવીને હાર્દિક શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. સંગઠનના અગ્રણીઓએ આશા વ્યક્ત કરી હતી કે તમામ હોદ્દેદારો પક્ષના અન્ય સદસ્યો સાથે મળીને એકજૂથ થઈને કાર્ય કરશે. તેઓ અમરેલી શહેરના પાયાના પ્રશ્નોનો ઉકેલ લાવીને સ્થાનિક વિકાસ કાર્યોને વધુ ગતિશીલ બનાવશે તેમજ પ્રજાના કલ્યાણ માટે પોતાનું અમૂલ્ય યોગદાન આપશે.

## ધારી પાલિકામાં જયદીપભાઈ બસીયાની પ્રમુખ તરીકે વરણી

ધારી,તા.૧૯

ધારી નગરપાલિકાની પ્રથમ ઔપચારિક બેઠક ખૂબ જ ઉત્સાહભર્યા વાતાવરણમાં યોજાઈ હતી. આ મહત્વપૂર્ણ બેઠકમાં સર્વાનુમતે નગરપાલિકાના વિવિધ ઉચ્ચ હોદ્દાઓ માટે સક્ષમ પદાધિકારીઓની વરણી પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી. આ પ્રક્રિયા અંતર્ગત જયદીપભાઈ બસિયાને ધારી



તસવીર : સંજય વાળા

નગરપાલિકાના સર્વપ્રથમ પ્રમુખ તરીકે ચૂંટીને જવાબદારી સોંપવામાં આવી છે. તેમની સાથે ઉપપ્રમુખ પદની મહત્વની કમાન પરેશભાઈ પટણીને સોંપવાનો નિર્ણય લેવાયો છે. નગરપાલિકાના વહીવટને વેગ આપવા માટે પૂર્વ ધારાસભ્ય મનસુખભાઈ ભુવાની કારોબારી સમિતિના ચેરમેન તરીકે વરણી કરાઈ છે અને પક્ષ શિસ્ત જાળવવા માટે જીતુભાઈ પાઘડાળને દંડક તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

તમામ સભ્યોએ નવા વરાયેલા હોદ્દેદારોને આવકારીને ધારી શહેરના સર્વાંગી વિકાસ માટે કટિબધ્ધતા વ્યક્ત કરી હતી.

## સા.કુંડલા પાલિકામાં પ્રમુખ પદે નયનાબેન કાપડીયા અને ઉપપ્રમુખ પદે નૂતનબેન તન્નાની વરણી

સાવરકુંડલા,તા.૧૯

સાવરકુંડલા નગરપાલિકાના હોદ્દેદારોની વરણી પ્રક્રિયા સંપન્ન થઈ છે. ભારતીય જનતા પાર્ટી સંગઠન દ્વારા સર્વાનુમતે સાવરકુંડલા નગરપાલિકાના નવા પ્રમુખ તરીકે શ્રીમતી નયનાબેન કાપડીયા અને ઉપપ્રમુખ તરીકે શ્રીમતી નૂતનબેન તન્નાની સત્તાવાર વરણી કરવામાં આવી છે. આ ઉપરાંત વહીવટને વધુ



તસવીર : સૌરભ દોશી

સુદ્રઢ બનાવવા કારોબારી ચેરમેન તરીકે જીગ્નેશભાઈ ટાંક, શાસક પક્ષના નેતા તરીકે દિનેશભાઈ રાઠોડ તેમજ દંડક તરીકે અરવિંદભાઈ મેવાડાની નિમણૂક કરાઈ છે. ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ નવનિયુક્ત ટીમને હાર્દિક શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું હતું કે આ નવી ટીમ નગરના સર્વાંગી વિકાસ માટે નવી ઊર્જા સાથે કાર્ય કરશે અને છેવાડાના માનવી સુધી સુવિધાઓ પહોંચાડશે. આ પ્રસંગે શહેર ભાજપ પરિવાર અને કાર્યકર્તાઓએ ફટાકડા ફોડી તેમજ મોં મીઠું કરાવીને વિજયોત્સવ મનાવ્યો હતો અને નવી ટીમે મોવડીમંડળનો આભાર વ્યક્ત કર્યો હતો.

## બગસરા નગરપાલિકાના પ્રમુખ તરીકે નિરવ ગોંડલીયાની વરણી કરવામાં આવી

બગસરા,તા.૧૯

બગસરા નગરપાલિકાના પ્રમુખ તરીકે નિરવ ગોંડલીયાની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. તેઓ વોર્ડ નંબર ૪ ના લોકપ્રિય અને સક્રિય યુવા આગેવાન છે, જેઓ પ્રથમ વખત જ નગરપાલિકાની ચૂંટણી લડીને વિજેતા બન્યા છે. આ પૂર્વે તેમણે શહેર યુવા ભાજપ પ્રમુખ તરીકેની પણ મહત્વની જવાબદારી ખૂબ જ



નિષ્ઠાપૂર્વક નિભાવી હતી.

આ નવી ટીમમાં ઉપપ્રમુખ તરીકે વિપુલ પાથર અને કારોબારી ચેરમેન તરીકે ચિરાગ પરમારની વરણી કરાઈ છે. આ સાથે શાસકપક્ષના નેતા તરીકે કરણભાઈ વાળાને જવાબદારી સોંપવામાં આવી છે. જયારે દંડક તરીકે સોનલબેન ઢોલરીયાની વરણી કરવામાં આવી છે. ભાજપ મોવડીમંડળ દ્વારા નવનિયુક્ત તમામ હોદ્દેદારોને શહેરના વિકાસ કાર્યોને વેગ આપવા માટે હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. આ નવી અને યુવા ટીમ બગસરા શહેરના પ્રગતિશીલ કાર્યોને આગળ ધપાવશે તેવી અપેક્ષા રાખવામાં આવી રહી છે.

## દામનગર નગરપાલિકામાં નવા સુકાનીઓની વરણી કરવામાં આવી

દામનગર,તા.૧૯

અમરેલી જિલ્લાના દામનગર નગરપાલિકામાં પ્રમુખ અને ઉપપ્રમુખ સહિતના વિવિધ મહત્વના હોદ્દાઓ માટે નવા ચહેરાઓની સત્તાવાર વરણી કરવામાં આવી છે. આ નવી વરણી અંતર્ગત ભાવનાબેન મહિપતગીરી ગોસ્વામીને નગરપાલિકાના પ્રમુખ તરીકેનું મહત્વનું પદ સોંપવામાં આવ્યું છે. તેમની સાથે ઉપપ્રમુખ તરીકે



તસવીર : વિનોદ જયપાલ

મીરાબેન વિપુલભાઈ ચૌહાણની પસંદગી કરવામાં આવી છે, જે મહિલા સશક્તિકરણનો એક સારો સંકેત આપે છે. આ ઉપરાંત, નગરપાલિકાની આર્થિક અને વહીવટી બાબતો સંભાળવા માટે વિપુલભાઈ નરશીભાઈ બોખાને કારોબારી ચેરમેન બનાવવામાં આવ્યા છે. પક્ષના મજબૂત નેતૃત્વ માટે બાલુબેન ભુરાભાઈ સાસલા અને શ્રધ્ધાબા સંજયભાઈ બારડની વરણી કરવામાં આવી છે. આ નવું વહીવટી માળખું આગામી સમયમાં દામનગર શહેરના સ્થાનિક વિકાસ કાર્યોને વધુ ગતિ આપશે અને પ્રજાના પ્રશ્નોને ઝડપથી ઉકેલવામાં મદદરૂપ થશે તેવી આશા રાખવામાં આવી રહી છે.

## બાબરા નગરપાલિકાની નવી ટીમની જાહેરાત, પ્રમુખ તરીકે રંજનબેન પરવાડીયાની વરણી

બાબરા,તા.૧૯

બાબરા નગરપાલિકાની નવી ટીમની વરણી પ્રાંત અધિકારી અને જિલ્લા ભાજપના આગેવાનોની ઉપસ્થિતિમાં સર્વાનુમતે કરવામાં આવી છે. નગરપાલિકાના પ્રમુખ તરીકે રંજનબેન રમેશભાઈ પરવાડીયા અને ઉપપ્રમુખ પદે યજ્ઞેશભાઈ શુક્લની પસંદગી થતા કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.




આ ઉપરાંત, કારોબારી ચેરમેન તરીકે ભરતભાઈ રંગપરા, પક્ષના નેતા તરીકે શિવરાજભાઈ ખાદા તેમજ દંડક તરીકે મનીષાબેન સરવૈયાની વરણી કરવામાં આવી છે.આ પ્રસંગે ઉપસ્થિત તમામ મહાનુભાવોએ નવા હોદ્દેદારોને શુભેચ્છાઓ પાઠવી હતી. પ્રથમ વખત બ્રહ્મ સમાજના યુવા આગેવાન યજ્ઞેશ શુક્લ ઉપપ્રમુખ બનતા સમગ્ર સમાજમાં આનંદ અને ગૌરવની લાગણી ફેલાઈ છે. નવી ટીમે આગામી સમયમાં બાબરા શહેરના સર્વાંગી વિકાસ, પારદર્શક વહીવટ, સ્વચ્છતા અને પ્રાથમિક સુવિધાઓને પ્રાધાન્ય આપીને લોકઉપયોગી કાર્યો કરવાની મક્કમ પ્રતિબધ્ધતા વ્યક્ત કરી છે.

## ઉના નગરપાલિકામાં નવ નિયુક્ત પ્રમુખ,ઉપપ્રુમખની વરણી કરાઈ




ઉના,તા.૧૯

ઉના નગરપાલિકાના સભાખંડમાં આજે મળેલી સામાન્ય સભામાં વર્ષ ૨૦૨૬ માટેના નવા હોદ્દેદારોની બિનહરીફ વરણી કરવામાં આવી હતી. ભારતીય જનતા પાર્ટી દ્વારા નિયુક્ત નિરીક્ષકોની ઉપસ્થિતિમાં આ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પ્રમુખ પદ માટે હર્ષાબેન ભોળુભાઈ રાઠોડની બિનહરીફ વરણી થઈ હતી, આ ઉપરાંત, મિતેષભાઈ હરકિશનભાઈ શાહ ઉપપ્રમુખ તરીકે, ઘનશ્યામભાઈ મનસુખલાલ જોષી કારોબારી સમિતિના ચેરમેન તરીકે, અશ્વિનભાઈ રાજુભાઈ ડાભી શાસક પક્ષના નેતા તરીકે અને દિલીપભાઈ મોહનભાઈ ઠક્કર દંડક તરીકે બિનહરીફ જાહેર થયા હતા.

## ઉનામાં ઘર પાસે રમી રહેલા બાળક પર શ્વાનોનો હુમલો

ઉના,તા.૧૯

ઉના શહેરની જસરાજ નગર સોસાયટીમાં ગઈકાલે ૧૮ મેની સાંજે એક હૃદયકંપાવનારી ઘટના સામે આવી છે. સોસાયટીમાં પોતાના ઘર પાસે રમી રહેલા એક માસૂમ બાળક પર અચાનક ત્રણ રખડતા શ્વાનોએ હિંસક હુમલો કરી દીધો હતો. શ્વાનોએ બાળકને જમીન પર પાડી દઈ આડેધડ બચકાં ભરવાનું શરૂ કર્યું હતું, જેના કારણે માસૂમને હાથ અને પગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી છે. બાળકની ચીસાચીસ સાંભળીને આજુબાજુના પડોશીઓ તાત્કાલિક લાકડીઓ લઈને દોડી આવ્યા હતા અને શ્વાનોને ભગાડ્યા હતા.

## ધોરાજી શહેરના જૈન યુવાને ૯૯ ગિરિરાજની કઠીન યાત્રાઓ પૂર્ણ કરી

ધોરાજી,તા.૧૯

ધોરાજીના યુવાન આરાધક આયુષ ચેતનભાઈ શાહે માત્ર નાની ઉંમરમાં જ ૯૯ જૈન યાત્રાઓ સફળતાપૂર્વક પૂર્ણ કરીને જૈન સમાજમાં નવો ઈતિહાસ રચ્યો છે. પ. પૂ. આ. શ્રમણચંદ્રસુરીજી મ. સા. અને શ્રુતચંદ્રસુરીજી મ. સા.ની પ્રેરણા અને ઘોઘાવાળા પરિવારના આશીર્વાદથી આ યાત્રાઓ પૂર્ણ કરી છે. આયુષે ખાસ કરીને ચોવીયાર છઠ (બે દિવસના સંપૂર્ણ ઉપવાસ અને પાણી વગર)માં ૭ યાત્રાઓ એક સાથે પૂર્ણ કરીને અત્યંત કઠિન તપનું પ્રદર્શન કર્યું છે. ૪૫ ડિગ્રીના તીવ્ર તાપમાં પણ અવિરત ભક્તિથી આ યાત્રાઓ પૂર્ણ કરવી એ ખરેખર



અનુકરણીય છે. આ સિધ્ધિ સાથે આયુષે ધોરાજી જૈન સંઘ તેમજ સમગ્ર શાહ પરિવારનું નામ સમગ્ર જૈન સમાજમાં રોશન કર્યું છે. આ અંગે તેમણે જણાવ્યું હતું કે, "પરમ પૂજ્ય ગુરુવરોના આશીર્વાદ અને પરિવારના સહયોગથી આ અઘરુ તપ પૂર્ણ કરવાનું સદભાગ્ય પ્રાપ્ત થયું. આ યાત્રાઓ મારા જીવનની સૌથી મોટી પ્રાપ્તિ છે."

## આપ જિલ્લા પ્રમુખ નિકુંજ સાવલીયાની પ્રદેશ સંગઠન મંત્રી તરીકે નિમણૂંક



અમરેલી,તા.૧૯

આમ આદમી પાર્ટી ગુજરાત દ્વારા અમરેલી જિલ્લા પ્રમુખ નિકુંજભાઈ સાવલિયાને પ્રદેશ સંગઠન મંત્રી તરીકે મહત્વપૂર્ણ જવાબદારી સોંપવામાં આવી છે. પક્ષ પ્રત્યેની વફાદારી, નિષ્ઠા અને છેલ્લા નવ વષથી પક્ષ માટે કામ કરતા હોવાની તેમની આ નિમણૂક કરાઈ છે. તેમને અમરેલી અને ભાવનગર લોકસભા વિસ્તાર સહિત અમરેલી, ભાવનગર અને બોટાદ જિલ્લાની ચૌદ વિધાનસભા બેઠકોના સંગઠનને મજબૂત બનાવવાની જવાબદારી મળી છે.આ તકે નિકુંજ સાવલિયાએ પ્રદેશ અને રાષ્ટ્રીય નેતાઓનો આભાર વ્યક્ત કરીને પક્ષ માટે અવિરત કાર્ય કરતા રહેવાની ભાવના દર્શાવી હતી.


**મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર**

કોર્ટ રોડ, વિસાવદર

નં. એમએજી/કેસ નં.૫૧/૨૦૨૬ તા.૦૮/૦૫/૨૦૨૬

શ્રી જીન્નતબેન અલીભાઈ મુંગલ વા.ઓ મહમદભાઈ ઉમરભાઈ શિરમાન
રહે.અમરેલી, ઠે.૨૧૨, ધાનાણી શેરી, તા./જી.અમરેલી .....અરજદાર

-::વિરૂધ્ધ::-

જન્મ-મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી,
સરસાઈ, તા.વિસાવદર .........સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદારશ્રી જીન્નતબેન અલીભાઈ મુંગલ વા.ઓ. મહમદભાઈ ઉમરભાઈ શિરમાન રહે. અમરેલીએ તેમનો જન્મ તા.૦૫/૦૬/૧૯૬૫ ના રોજ વિસાવદર તાલુકાના સરસઈ ગામ મુકામે થયેલ છે જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, સરસઈ, વિસાવદર, જી.જુનાગઢના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, સરસઈ, વિસાવદર, જી.જુનાગઢના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૮ મે ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

તૈયાર કરનાર
સહી.
(પી.વી. શિંગડીયા)
નાયબ મામલતદાર
વિસાવદર

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી.
(આર.એન.ખોડભાયા)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
વિસાવદર

# રાજ્યમાં આવતીકાલથી ગરમીથી મળશે રાહત: તાપમાન ૨ થી ૩ ડિગ્રી ઘટશે



અમદાવાદ,તા.૧૯

ગુજરાતના લોકોને અસહ્ય ગરમી અને ભેજવાળા વાતાવરણમાંથી આખરે રાહત મળવાની સંભાવના છે. હવામાન વિભાગની આગાહી મુજબ, આગામી ૨૪ કલાક બાદ રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં મહત્તમ તાપમાનમાં ક્રમશઃ ૨ થી ૩ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો નોંધાઈ શકે છે. ગઈકાલે રાજ્યમાં સૌથી વધુ તાપમાન સુરેન્દ્રનગરમાં ૪૪.૫°C, જ્યારે રાજકોટ-અમરેલીમાં ૪૩.૫°C અને અમદાવાદમાં ૪૩.૧°C નોંધાયું હતું. આજે હીટવેવનું કોઈ એલર્ટ નથી, પરંતુ દરિયાકાંઠાના જિલ્લાઓમાં ગરમ પવન ફૂંકાઈ શકે છે. પશ્ચિમી વિક્ષેપ (વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ) અને સમુદ્રી પવનોના પ્રભાવને લીધે આગામી દિવસોમાં આંશિક વાદળછાયું વાતાવરણ રહેશે. આ બદલાવને કારણે સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં હળવા વરસાદની પણ સંભાવના છે, જે લોકોને કાળઝાળ ગરમીમાંથી મોટી રાહત આપશે.

# દેશમાં 'વન નેશન વન ઈલેક્શન'ની શક્યતા ચકાસવા જેપીસીની ટીમ ગુજરાત આવી



ગાંધીનગર,તા.૧૯

દેશમાં 'વન નેશન, વન ઈલેક્શન'ની શક્યતાઓ ચકાસવા માટે રચાયેલી જોઈન્ટ પાર્લામેન્ટરી કમિટી (JPC) હાલ ત્રણ દિવસની ગુજરાત મુલાકાતે છે. કાયદાવિદ પી.પી. ચૌધરીની અધ્યક્ષતામાં કાર્યરત આ સમિતિમાં લોકસભાના ૨૭ અને રાજ્યસભાના ૧૨ મળીને કુલ ૩૯ સાંસદો સામેલ છે. તાજેતરમાં ગાંધીનગરના ગિફ્ટ સિટી ક્લબ ખાતે ગુજરાતના વરિષ્ઠ અધિકારીઓ સાથે એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં અધિકારીઓ દ્વારા રજૂ કરવામાં આવેલા પ્રેઝન્ટેશનને સમિતિના અધ્યક્ષે મોડલરૂપ ગણાવ્યું હતું અને અન્ય રાજ્યોને પણ આ જ પ્રકારે મુદ્દાઓ તૈયાર કરવા ભલામણ કરી હતી. હવે પછીના આયોજન મુજબ ૨૦ મેના રોજ સવારે ૧૦થી ૧૨ વાગ્યા દરમિયાન રાજ્યના વિવિધ રાજકીય પક્ષોના આગેવાનો સાથે બેઠક યોજીને ચર્ચા-વિચારણા કરવામાં આવશે. સમિતિ અલગ-અલગ રાજ્યોની મુલાકાત લઈને રાજકીય પક્ષો અને વહીવટી તંત્ર સાથે વ્યાપક પરામર્શ કરી રહી છે.

# રાજકોટમાં આગામી મહિને બાગેશ્વર ધામના ધીરેન્દ્ર શાસ્ત્રીની હનુમંત કથા યોજાશે



રાજકોટ,તા.૧૯

રાજકોટના આંગણે આગામી જૂન મહિનામાં એક ખૂબ જ મોટું અને ઐતિહાસિક ધાર્મિક આયોજન થવા જઈ રહ્યું છે. દેશ અને વિદેશમાં સનાતન ધર્મનો ધ્વજ ફરકાવતા રહેલા બાગેશ્વર ધામના પીઠાધીશ્વર ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીજી આગામી તા. ૫, ૬ અને ૭ જૂનના રોજ બીજીવાર રાજકોટ આવી રહ્યા છે. રાજકોટના રેસકોર્સ મેદાનમાં રોજ સાંજે ૭:૩૦ વાગ્યે 'સનાતન સેતુ હનુમંત કથા'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. રાજકોટ અને સમગ્ર સૌરાષ્ટ્રના ધર્મપ્રેમી જનતામાં આ ઐતિહાસિક ધાર્મિક ઉત્સવને લઈને ભારે ઉત્સાહ અને ભક્તિનો માહોલ જોવા મળી રહ્યો છે.

# રાજકોટમાં લઠ્ઠાકાંડ નહી પરંતુ દારૂમાં ઝેર નાખી બેની હત્યા કરાઈ હોવાનો ખુલાસો





રાજકોટ,તા.૧૯

રાજકોટની ભગીરથ સોસાયટીમાં દેશી દારૂ પીધા બાદ પચાસ વર્ષના આધેડ મનસુખભાઈ અને તેમના ત્રેતાલીસ વર્ષના મિત્રનું ઘટનાસ્થળે જ શંકાસ્પદ મોત નીપજતા ચકચાર મચી ગઈ હતી. મૃતક આધેડના પુત્રએ સ્થાનિક શખ્સ જીણા ભગત સામે ઝેરી પદાર્થ ભેળવી પિતા અને તેમના મિત્રની હત્યા કરવાનો ગંભીર આક્ષેપ કર્યો હતો. પોલીસે બંને મૃતદેહોને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે ખસેડી તપાસ શરૂ કરી હતી. સંકજામાં લેવાયેલા આરોપી જીણા ભગતે પોલીસ પૂછપરછમાં ચોંકાવનારો ખુલાસો કર્યો હતો કે, અગાઉ મૃતક મનસુખભાઈએ પોલીસને તેનું ઘર બતાવ્યું હતું, જેનો ખાર રાખીને તેણે દેશી દારૂમાં માંકડ મારવાની દવા ભેળવી બંનેની ક્રૂર હત્યા કરી હતી. આ દરમિયાન પોલીસ લોકઅપમાં રહેલા આરોપી જીણાએ ગઈકાલે રાત્રે આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો.

# રાજકોટમાં જંગલેશ્વર વિસ્તારમાં સગીરા સાથે સામૂહિક દુષ્કર્મ


રાજકોટ,તા.૧૯

રાજકોટ શહેરના જંગ્લેશ્વર વિસ્તારમાં રહેતી એક પંદર વર્ષની સગીરા સાથે સામૂહિક દુષ્કર્મ આચરવામાં આવ્યું હોવાની અત્યંત આઘાતજનક ઘટના સામે આવી છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ મારફતે પહેલા સગીરા સાથે મિત્રતા કેળવવામાં આવી હતી અને ત્યારબાદ તેને પ્રેમજાળમાં ફસાવીને સાત શખ્સોએ સામુહિક દુષ્કર્મ આચર્યું હતું. પીડિત સગીરાએ આપેલા નિવેદન અનુસાર આરોપીઓએ પોતાના ઘરે, હોટલ તેમજ ચાલતી કારમાં છરીની અણીએ ધાકધમકી આપીને તેની પર અમાનુષી ત્રાસ ગુજાર્યો હતો. આ ગંભીર મામલે ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં વિધિવત ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે ભોગ બનનાર સગીરાના પિતાની ફરિયાદના આધારે એક સગીરા સહિત કુલ આઠ આરોપીઓ સામે પોક્સો અને બીએનએસની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે.

# સચિવાલયમાં ૮૦થી વધુ અધિકારીઓની બદલી-બઢતી


ગાંધીનગર,તા.૧૯

રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગ (GAD) દ્વારા સચિવાલયના માળખામાં મોટાપાયે ફેરફારો કરવામાં આવ્યા છે. સત્તાવાર આદેશ અનુસાર, ૮૦થી વધુ અધિકારીઓની સામૂહિક બદલી અને બઢતી કરાઈ છે. આ નિર્ણય અંતર્ગત સેક્શન ઓફિસર અને વર્ગ-૨ કક્ષાના અધિકારીઓને અંડર સેક્રેટરી તરીકે પ્રમોશન આપીને વિવિધ વિભાગોમાં નિયુક્ત કરાયા છે. આ વહીવટી ફેરબદલમાં આરોગ્ય, ગૃહ, મહેસૂલ, તેમજ માર્ગ અને મકાન જેવા મહત્વના વિભાગોનો સમાવેશ થાય છે.



# અમદાવાદ આવેલા સચિન તેંડુલકરે વાલીઓને બાળકો પર દબાણ ન રાખવા ખાસ સંદેશ આપ્યો



અમદાવાદ,તા.૧૯

ક્રિકેટના ભગવાન ગણાતા ભારત રત્ન સચિન તેંડુલકરે અમદાવાદની મુલાકાત લીધી હતી. અહીં એક સ્પોર્ટ્સ એકેડમીમાં તેમણે યુવા ખેલાડીઓ, બાળકો અને તેમના માતા-પિતા (વાલીઓ) સાથે ખાસ સંવાદ કર્યો હતો.

વાલીઓને સંબોધતા સચિને પોતાના બાળપણનો અનુભવ શેર કર્યો અને કહ્યું કે, સફળતા અને નિષ્ફળતા વચ્ચે સંતુલન રાખવું જરૂરી છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે માતા-પિતાએ બાળકો પર કોઈ પ્રકારનું પ્રેશર આપવું જોઈએ નહીં. સચિને ઉમેર્યું કે સ્પોર્ટ્સમાં સફળ થવા માટે કોઈ શોર્ટકટ નથી હોતો. રમત માત્ર જીતવા માટે નથી હોતી, પરંતુ તેનાથી બાળકો શિસ્ત, ટીમવર્ક અને આત્મવિશ્વાસ શીખે છે. ભારતનું રમતગમતનું ભવિષ્ય પાયાના સ્તરે રોકાણ કરવા પર અને બાળકોને ડર વગર રમવા દેવા પર નિર્ભર છે.

# ગુજરાત કોંગ્રેસમાં નવું યુવા સંગઠન રચવાની તૈયારી શરૂ

અમદાવાદ,તા.૧૯

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કારમી હાર બાદ ગુજરાત કોંગ્રેસ સંગઠનમાં ધરમૂળથી ફેરફાર થવાની શક્યતા છે. પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા સિવાય ઉપપ્રમુખ સહિતના તમામ હોદ્દાઓ પર યુવા અને નવા ચહેરાઓને સ્થાન આપવામાં આવશે. પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરનારા અને ચૂંટણીમાં નબળી કામગીરી કરનારા નેતાઓને બહારનો રસ્તો બતાવવાનું શરૂ કરાયું છે, જેના ભાગરૂપે વરિષ્ઠ નેતા ઉમાકાંત માંકડ અને મકસૂદ બેગ મિર્ઝાને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

બીજી તરફ, અમદાવાદ શહેર કોંગ્રેસ પ્રમુખ સોનલબેન પટેલે પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરનારાઓને 'શો કોઝ નોટિસ' પાઠવી છે અને ૬ વોર્ડ પ્રમુખોને પદમુક્ત કર્યા છે. જોકે, સુરતમાં એક જ સમયે બે અલગ-અલગ જૂથોના કાર્યક્રમો કોંગ્રેસનો આંતરિક જૂથવાદ અને વિખવાદ પણ ખુલ્લો પાડે છે.

# સિંગતેલ અને કપાસિયા તેલ મોંઘા થતા ગૃહિણીઓનું બજેટ ખોરવાયું



અમદાવાદ,તા.૧૯

આંતરરાષ્ટ્રીય અસ્થિરતા અને યુધ્ધના કારણે ગુજરાતમાં ખાદ્યતેલના ભાવમાં મોટો ઉછાળો આવ્યો છે. સિંગતેલના ડબ્બામાં રૂ.૫૦ના વધારા સાથે નવો ભાવ રૂ.૨૭૬૫ અને કપાસિયા તેલમાં રૂ.૨૦ના વધારા સાથે ભાવ રૂ.૨૬૨૦ પર પહોંચ્યો છે. ગત વર્ષની સરખામણીએ ડબ્બે રૂ.૬૦૦ સુધીનો વધારો થતાં મધ્યમ વર્ગના પરિવારોનું રસોડાનું બજેટ સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. વેપારીઓ અનુસાર, જો વૈશ્વિક સ્થિતિ નહીં સુધરે તો આગામી દિવસોમાં ભાવ હજુ પણ વધી શકે છે.

# ગુજરાત સાયબર ક્રાઈમની ટીમે આતંકી સાથે જોડાયેલા ક્રિપ્ટો નેટવર્કનો કર્યો પર્દાફાશ



અમદાવાદ,તા.૧૯

ગુજરાત સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સે દેશવિરોધી પ્રવૃત્તિઓ વિરૂધ્ધ મોટી કાર્યવાહી કરતા ડાર્કવેબ, આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ હેરફેર, મની લોન્ડરિંગ અને આતંકી ધિરાણ (ટેરર ફંડિંગ) સાથે સંકળાયેલા એક વિશાળ ક્રિપ્ટોકરન્સી નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. આ મામલે પોલીસે અત્યાર સુધીમાં કુલ ૯ આરોપીઓની ધરપકડ કરી છે.

તપાસ દરમિયાન અમદાવાદના સરખેજ વિસ્તારના રહેવાસી મોહસીન સદીક મોલાણીના ક્રિપ્ટો વોલેટમાંથી શંકાસ્પદ આંતરરાષ્ટ્રીય વ્યવહારો મળી આવ્યા હતા. એસપી રાજદીપસિંહ ઝાલાના જણાવ્યા અનુસાર, આ ટોળકી ગેરકાયદેસર કમાણી (ડર્ટી ક્રિપ્ટો)ને છુપાવવા માટે મોનેરો જેવી અનામી ક્રિપ્ટોકરન્સીનો ઉપયોગ કરતી અને તેને યુએસડીટી (USDT)માં કન્વર્ટ કરતી હતી. આ રૂ. ૨૨૬ કરોડનું નેટવર્ક યુનાઈટેડ કિંગડમ (UK) ના ડ્રગ્સ ટ્રાફિકિંગ તેમજ યમન, રશિયા અને ઈરાનની વૈશ્વિક સ્તરે બ્લેકલીસ્ટેડ સંસ્થાઓ સાથે પણ ફંડ ટ્રાન્સફર માટે જોડાયેલું હતું. અમદાવાદ, મુંબઈ અને હરિયાણાથી ઝડપાયેલા આ આરોપીઓ ડાર્કવેબ લિંક દ્વારા દેશની સુરક્ષા સામે મોટો ખતરો ઊભો કરી રહ્યા હતા.